Wednesday, 10 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



શ્રમ એ મૌલિક પ્રાર્થના છે, કામ એ સેવા છે.
- મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૨ ● સંવત-૨૦૮૨ અધિક જેઠ વદ દશમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### વિશ્વ પ્રસિદ્ધ કથાકાર મેહુલભાઈ જાની બાપુના સાંનિધ્યમાં

# દમણમાં પ્રથમ વખત કુંતેશ્વર મહાદેવ મંદિરમાં બાર જ્યોતિર્લિંગની કથાનો પ્રારંભ





## પરસેવાની કમાણીનું ધન જ પરસેવામાં વપરાય છેઃ કથાકાર મેહુલભાઈ જાની

## સોમનાથ ખાતે દમણ જિ.પં.ના ઉપ પ્રમુખ રીનાબેન અને પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના અધ્યક્ષ હરિશભાઈ પટેલના નિવાસ સ્થાનેથી બપોરે ૦૩:૦૦ વાગ્યે ૧૦૮ ગાડી સાથે બેંડવાજા અને ઢોલ-નગારાના નાદ સાથે નિકળેલી ભવ્ય પોથીયાત્રા






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૯**

આજથી દમણ નજીક કુંતેશ્વર ધામમાં વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી મેહુલભાઈ જાની બાપુ (ખેરગામવાળા)ના સુમધુર કંઠે શ્રી બાર જ્યોતિર્લિંગની કથા અને રૂદ્રાભિષેકનો ભવ્ય આરંભ થયો હતો. વિશ્વ પ્રસિદ્ધ કથાકાર પ.પૂ. મેહુલભાઈ જાની બાપુની ૩૩૩મી કથાના મંગળ મહોત્સવનો પ્રારંભ આજે બપોરે ૩:૦૦ વાગ્યે પોથીયાત્રા દમણ જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ શ્રીમતી રીનાબેન અને પ્રદેશ ભાજપ ઓ.બી.સી. મોરચાના અધ્યક્ષ શ્રી હરિશભાઈ પટેલ પરિવારના નિવાસ સ્થાન સોમનાથ રોડ ફળિયાથી ઢોલ નગારા અને બેંડવાજા સાથે ૧૦૮ ગાડીમાં કાઢવામાં આવી હતી. આ પોથીયાત્રામાં દમણમાં પ્રથમ વાર વિરાટ હનુમાનજીના દર્શનનો લાભ પણ ભાવિક ભક્તોએ લીધો હતો.

૯મી જૂનથી ૧૫મી જૂન સુધી અધિક જ્યેષ્ઠ પવિત્ર પુરૂષોત્તમ માસમાં યોજાનારી ૧૨ જ્યોતિર્લિંગની કથામાં આંતરરાષ્ટ્રીય કથાકાર પ.પૂ. શ્રી મેહુલભાઈ જાની બાપુએ આજે પ્રથમ દિવસે ભગવાન શિવના બારેય જ્યોતિર્લિંગોની મહિમા ઈતિહાસ અને આધ્યાત્મિક રહસ્યોનું વર્ણન કરતા જણાવ્યું હતું કે, કુંતેશ્વર દાદાના સાનિધ્યમાં તા.૯ જૂનથી ૧૫ જૂન સુધી શિવ કથા(૧૨ જ્યોતિર્લિંગ કથા)નો આજે પ્રારંભ થયો છે. કથા દરમિયાન શ્રી હરિશભાઈ પટેલે પૂ. બાપુને પ્રશ્ન કર્યો હતો કે, સોમવારના દિવસે બીલીપત્ર તોડાય કે નહિ?

તેના જવાબમાં બાપુએ કહ્યું હતું કે, શિવભક્ત હોય તેને શિવનો પ્રશ્ન આવે છે. સોમવારના દિવસે બીલીપત્ર તોડાય નહિ. શાસ્ત્ર ના પાડે છે.

કથામાં સોમનાથ મલ્લીકાર્જુન પ્રાગટ્ય થયું હતું. ૧૦૮ દિવાની આરતી શ્રી હરિશભાઈ પટેલ અને તેમના ધર્મપત્ની શ્રીમતી રીનાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# દાનહના ફલાંડીમાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા. ૦૯**

દાદરા નગર હવેલીના ફલાંડી ગામમાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, ધરમપુર અને દાનહ ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠનના સહયોગથી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આંખની તપાસ અને નિદાન, મફત ચશ્મા વિતરણ, લોહીની તપાસ અને એનિમિયાના નિદાન અને સામાન્ય રોગોની તપાસ સેવાઓ આપવામાં આવી હતી. કેમ્પમાં ડૉ. ગૌતમ જી. વાઘમારે - સર્જન કેર, ડૉ. અંકિતા જી.ચૌધરી-વિઝનર કેર, ડૉ. ખુશ્બુ એમ. ચૌધરી, તેજલ એમ. પટેલ, પંકજ એમ. ભગરિયા એનિમિયા, વિરલ શૈલેષ પટેલ, અંકિતા રાજેશભાઈ ચૌધરી, માનસી એમ. દેસાઈ તથા હોસ્પિટલ સ્ટાફ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૨૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો. સંગઠનના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ પટેલ, મહામંત્રી શ્રી ઉત્તમભાઈ પટેલ, શ્રી રતનજીભાઈ કામળી, શ્રી ગોવિંદભાઈ ભૂજાડા સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આત્મનિર્ભર પંચાયતો ભારતની યાત્રાને 'વિકસિત ભારત' તરફ આગળ ધપાવશેઃ સચિવ વિવેક ભારદ્વાજ

**●ગુજરાતના ગાંધીનગરમાં આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ પર આઉટરીચ વર્કશોપ યોજાયો ●હાઈબ્રીડ મોડમાં આયોજિત વર્કશોપમાં ૪૦૦થી વધુ સહભાગીઓ જોડાયા**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૦૯**

ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા ગુજરાત સરકારના પંચાયતી રાજ વિભાગના સહયોગથી આજે ગાંધીનગરમાં આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ પર એક આઉટરીચ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વરિષ્ઠ સરકારી અધિકારીઓ, નાણાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સમગ્ર ગુજરાતમાંથી સહભાગીઓ એકત્રિત થયા હતા.

- (વધુ પાના નં.૨ પર)

# લક્ષદ્વીપમાં ૪૭ વર્ષ જૂની દારૂબંધી હટાવાઈ

## માલદીવ્સને ટક્કર આપવા લેવાયો નિર્ણયઃ આ ઉપરાંત, ૨૧ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને દારૂ વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૦૯**

કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપમાં કેન્દ્ર સરકારે એક મોટો ફેરફાર કર્યો છે. છેલ્લા ૪૭ વર્ષથી અમલમાં રહેલા 'લક્ષદ્વીપ પ્રોહિબિશન રેગ્યુલેશન, ૧૯૭૯'ને સત્તાવાર રીતે રદ્ કરી દેવાયો છે. આ સાથે જ ૯૭% મુસ્લિમ બહુમતી ધરાવતા આ દ્વીપસમૂહમાં હવે પરવાના (લાઈસન્સ) ધરાવતી દુકાનો અને આઉટલેટ્સ દ્વારા નિયંત્રિત પદ્ધતિથી દારૂના વેચાણને મંજૂરી મળશે. ૫ જૂનના રોજ જાહેર કરાયેલા ગેઝેટ નોટિફિકેશન દ્વારા આ નવો નિર્ણય લેવાયો છે.

જૂની સંપૂર્ણ દારૂબંધીના સ્થાને હવે 'લક્ષદ્વીપ આબકારી નિયમન, ૨૦૨૬' લાગુ કરાયો છે. આ કાયદો દારૂના ઉત્પાદન, આયાત-નિકાસ, પરિવહન, વેચાણ અને વપરાશને નિયંત્રિત કરવા માટે એક કડક લાઈસન્સિંગ ફ્રેમવર્ક પૂરું પાડે છે. આ નિયમ હેઠળ સરકારી માલિકીની કોર્પોરેશનો અને એજન્સીઓ પણ આલ્કોહોલિક પીણાના રિટેલ વેચાણ માટે લાઈસન્સ મેળવી શકશે.

જો કે, અહીંની સ્થાનિક સામાજિક અને ધાર્મિક સ્થિતિઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે દારૂ પર એક્સાઈઝ ટેક્સ અત્યંત ઊંચો રાખ્યો છે. જેમ કે, દારૂનો પ્રકાર એક્સાઈઝ ડ્યુટી (ટેક્સ) ઈન્ડિયન મેડ ફોરેન લિકર (IMFL) અને વિદેશી દારૂ ૪૦૦%

**બિયર ૨૦૦%, વાઈન ૮૦%**

નવા કાયદા હેઠળ પણ લક્ષદ્વીપના એડમિનિસ્ટ્રેટર પાસે દારૂના વપરાશ પર નિયંત્રણ રાખવા, ખરીદીની મર્યાદા નક્કી કરવા અને જરૂર જણાયે લક્ષદ્વીપના કોઈપણ ભાગમાં ફરીથી સંપૂર્ણ દારૂબંધી લાદવાની સર્વોચ્ચ સત્તા સુરક્ષિત રાખવામાં આવી છે. આ ઉપરાંત, ૨૧ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને દારૂ વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

**વસ્તીનું માળખુંઃ** વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ, લક્ષદ્વીપની કુલ ૬૪,૪૭૩ વસ્તીમાંથી ૬૧,૧૨૦ નાગરિકો અનુસૂચિત જનજાતિ કેટેગરીમાં આવે છે. અહીં મુસ્લિમ વસ્તીનું પ્રમાણ ૯૭% છે, જે ભારતમાં સૌથી વધુ છે.

**૧૯૭૯થી કાયદોઃ** ઈસ્લામ ધર્મમાં દારૂના સેવન પર પ્રતિબંધ હોવાથી, સ્થાનિક ધાર્મિક-સાંસ્કૃતિક માન્યતાઓને માન આપીને ૧૯૭૯માં દારૂબંધી લાદવામાં આવી હતી. ગુજરાત અને બિહારની જેમ લક્ષદ્વીપ પણ 'ડ્રાય સ્ટેટ/UT' હતું.

**મર્યાદિત છૂટછાટઃ** આ પ્રતિબંધ પ્રવાસીઓ માટે ૧00% નહોતો. સરકારી અધિકારીઓ અને વિદેશી પ્રવાસીઓ માટે કવરત્તી અને બાંગારામ ટાપુઓ પર આવેલા સરકારી રિસોર્ટ અને બારમાં મર્યાદિત માત્રામાં દારૂની છૂટ પહેલેથી જ હતી.

## વર્ષ ૨૦૨૦માં લક્ષદ્વીપના પ્રશાસક તરીકે પ્રફુલભાઈ પટેલની નિમણૂક બાદ દારૂબંધીના નિયમો હળવા કરવાની પ્રક્રિયા ઝડપી બની હતી



આ ફેરફાર પાછળનો મુખ્ય હેતુ લક્ષદ્વીપને આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રવાસન સ્થળ બનાવવાનો છે. પ્રશાસનનું માનવું હતું કે કડક દારૂબંધીના કારણે લક્ષદ્વીપ માલદીવ્સ જેવા હરીફ દેશોની સરખામણીમાં પ્રવાસીઓને આકર્ષવામાં પાછળ રહી જતું હતું. માલદીવ્સ પણ મુસ્લિમ દેશ હોવા છતાં ત્યાંના પ્રવાસી રિસોર્ટ્સમાં વિદેશીઓ માટે દારૂ સરળતાથી ઉપલબ્ધ હોય છે.

જાન્યુઆરી ૨૦૨૪માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લક્ષદ્વીપની મુલાકાત લઈને ત્યાં સ્નોર્કલિંગ કરતા ફોટોગ્રાફ્સ શેર કર્યા બાદ આ ટાપુ વૈશ્વિક સ્તરે ચર્ચામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૦માં લક્ષદ્વીપના પ્રશાસક તરીકે શ્રી પ્રફુલભાઈ પટેલની નિમણૂક બાદ દારૂબંધીના નિયમો હળવા કરવાની પ્રક્રિયા ઝડપી બની હતી. ૨૦૨૧માં અન્ય ટાપુઓ પર પણ દારૂ વેચવાનો પ્રસ્તાવ મુકાયો ત્યારે સ્થાનિક પક્ષો અને રહેવાસીઓએ ભારે વિરોધ કર્યો હતો. આ નિર્ણયના વિરોધીઓનો તર્ક હતો કે આનાથી સ્થાનિક યુવાનોમાં વ્યસન અને કાયદો-વ્યવસ્થાની સમસ્યાઓ વધશે.

જો કે, ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના ભાગરૂપે પ્રશાસને ફેબ્રુઆરી ૨૦૨૬માં ચેતલાટ અને બિત્રા ટાપુઓ પર આવેલા સરકારી બંગલાઓને લાઈસન્સ ધરાવતા પરિસરો તરીકે નોટિફાય કર્યા હતા અને હવે નવો કાયદો અમલી બન્યો છે.

લક્ષદ્વીપમાં કુલ ૩૬ ટાપુ આવેલા છે, જેમાંથી માત્ર ૧૦ ટાપુ-અગાત્તી, અમીની, એન્ડ્રોટ, બિત્રા, ચેટલાટ, કદમત, કલ્પની, કવરત્તી, કિલ્ટન અને મિનિકોય પર જ માનવ વસતી છે.

અહીં મુલાકાત લેવા માટે ભારતીય અને વિદેશી પ્રવાસીઓએ વિશેષ પરમિટ લેવી ફરજિયાત છે.




## સુવિચાર - સદ્‌વિચાર

ધીરજ રાખો, ફળ મળશે,
ઉતાવળ કરતા શાંતિથી કામ કરવાથી સારું પરિણામ મળે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### પૂનમનો નોક

ઢોલ ઢમક્યાં ને ધરતી ધમધમી,
મારો મઘમઘ ભીનો ચોક
ઊંચે ઊંચે ચાંદલિયો આભમાં
અને નીચે પૂનમિયાં લોક
સહિયર! વાગે તે મીઠી મીઠી મોરલી
સખી! કાંબીને કડલાં રુમેઝુમે
કાંઈ નકવેસરનો ઝોક
મેં તો ગુપચુપ જોયું દર્પણમાં
હાંરે લટકું લઈ ગઈ ડોક
સહિયર! વાગે તે મીઠી મીઠી મોરલી
સખી! આંખોમાં આંજણ અમાસનાં
અને પંડે પૂનમનો નોક
અલી, આવી ચંડે જો મારો સાહ્યબો
એને આઘેરો ઓશરીમાં રોક
સહિયર! વાગે તે મીઠી મીઠી મોરલી

- વેણીભાઈ પૂરોહિત

## આજની જોક

ભૂરો : ધારૂ ને ૫૦૦ની નોટ ઉપર પણ આપણો ફોટો હોય
પણ કોઈના ખિસ્સામાં આપણને રહેવું ભાવે નહીં

## કબીર વાણી

**દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,**
**તુલસી દયા ન છોડિયે, જબ લગ ઘટ મેં પ્રાણ.**

**- અર્થાત-**

દયા એ જ સાચા ધર્મનો પાયો છે, જ્યારે તમામ પાપોનું મૂળ અહંકાર છે. જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી ક્યારેય દયાભાવ ન છોડવો જોઈએ.

## આજનો દિન વિશેષ

### સુંદર પિચાઈ

પિચાઈ સુંદરરાજન (જન્મ ૧૦ જૂન, ૧૯૭૨), જે સુંદર પિચાઈ તરીકે વધુ જાણીતા છે, એક ભારતીય-અમેરિકન બિઝનેસ એક્ઝિક્યુટિવ છે જે ૨૦૧૫ થી ગૂગલના સીઈઓ અને ૨૦૧૯ થી તેની પેરેન્ટ કંપની આલ્ફાબેટ ઈન્ક.ના સીઈઓ છે.

પિચાઈએ તેમની કારકિર્દીની શરૂઆત મટિરિયલ એન્જિનિયર તરીકે કરી હતી. મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ મેકકિન્સે એન્ડ કંપનીમાં ટૂંકા ગાળાના કાર્યકાળ પછી, પિચાઈ ૨૦૦૪માં ગૂગલમાં જોડાયા, જ્યાં તેમણે ગૂગલ ક્રોમ અને ક્રોમઓએસ સહિત ગૂગલના ક્લાયંટ સોફ્ટવેર ઉત્પાદનોના સ્યુટ માટે પ્રોડક્ટ મેનેજમેન્ટ અને નવીનતા પ્રયાસાનું નેતૃત્વ કર્યું, તેમજ ગૂગલ ડ્રાઈવ માટે મોટાભાગે જવાબદાર રહ્યા. વધુમાં, તેમણે જીમેલ અને ગૂગલ મેપ્સ જેવી અન્ય એપ્લિકેશનોના વિકાસની દેખરેખ રાખી.

ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં, તેમની કુલ સંપત્તિ US $1.6 બિલિયન હોવાનો અંદાજ છે.

**પ્રારંભિક જીવન અને શિક્ષણ :** પિચાઈનો જન્મ ૧૦ જૂન, ૧૯૭૨ ના રોજ તમિલનાડુના મદુરાઈમાં થયો હતો, તેમની માતા, લક્ષ્મી, સ્ટેનોગ્રાફર હતી, અને તેમના પિતા, રેગુનાથ પિચાઈ, બ્રિટિશ સમૂહ, GECમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયર હતા.

પિચાઈએ ચેન્નાઈના અશોક નગરમાં જવાહર વિદ્યાલય સિનિયર સેકન્ડરી સ્કૂલમાં શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું અને IIT મદ્રાસની વાના વાણી સ્કૂલમાંથી ધોરણ XII પૂર્ણ કર્યું. તેમણે ૧૯૯૩માં IIT ખડગપુરમાંથી ધાતુશાસ્ત્ર એન્જિનિયરિંગમાં B.Techની ડિગ્રી મેળવી. તેમણે સ્ટેનફોર્ડ યુનિવર્સિટી સ્કૂલ ઓફ એન્જિનિયરિંગમાંથી મટિરિયલ્સ સાયન્સ અને એન્જિનિયરિંગમાં MS અને વ્હાર્ટન સ્કૂલમાંથી MBAની ડિગ્રી મેળવી, જ્યાં તેમને અનુક્રમે Siebel Scholar અને Palmer Scholar તરીકે નામ આપવામાં આવ્યું.

**કારકિર્દી :** ૨૦૧૫ મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસમાં પિચાઈ બોલતા પિચાઈ એપ્લાઈડ મટિરિયલ્સમાં એન્જિનિયરિંગ અને પ્રોડક્ટ મેનેજમેન્ટ અને મેકકિન્સે એન્ડ કંપનીમાં મેનેજમેન્ટ કન્સલ્ટિંગમાં કામ કરતા હતા. પિચાઈ ૨૦૦૪ માં ગૂગલમાં જોડાયા, જ્યાં તેમણે ગૂગલ ક્રોમ અને ક્રોમઓએસ સહિત ગૂગલના ક્લાયંટ સોફ્ટવેર ઉત્પાદનોના સ્યુટ માટે પ્રોડક્ટ મેનેજમેન્ટ અને નવીનતા પ્રયાસોનું નેતૃત્વ કર્યું, તેમજ ગૂગલ ડ્રાઈવ માટે મોટાભાગે જવાબદાર રહ્યા. તેમણે જીમેલ અને ગૂગલ મેપ્સ જેવા અન્ય એપ્લિકેશનોના વિકાસનું નિરીક્ષણ કર્યું. ૧૯ નવેમ્બર, ૨૦૦૯ના રોજ, પિચાઈએ ક્રોમઓએસનું પ્રદર્શન આપ્યું; ક્રોમબુક ૨૦૧૧માં ટ્રાયલ અને પરીક્ષણ માટે રજૂ કરવામાં આવ્યું હતું, અને ૨૦૧૨માં જાહેર જનતા માટે રજૂ કરવામાં આવ્યું હતું. ૨૦ મે, ૨૦૧૦ ના રોજ, તેમણે ગૂગલ દ્વારા નવા વિડિઓ કોડેક VP8ના ઓપન-સોર્સિંગની જાહેરાત કરી અને નવું વિડિઓ ફોર્મેટ, WebM રજૂ કર્યું. પિચાઈ એપ્રિલ ૨૦૧૧ થી જુલાઈ ૨૦૧૩ સુધી જીવ સોફ્ટવેરના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સેવા આપી હતી.

## મોન્સુન બ્યુટી ટીપ્સ

હળવા, પાણી આધારિત અને નોન-કોમેડોજેનિક ઉત્પાદનોનો ઉપયોગ કરીને ચોમાસાની ભેજનો સામનો કરો. જેલ મોઈશ્ચરાઈઝર્સ માટે ભારે ક્રીમ બદલો, અને ખાતરી કરો કે તમે છિદ્રોને બંધ થવાથી બચાવવા માટે દિવસમાં બે વાર સફાઈ કરો છો.

વાદળછાયા દિવસોમાં પણ તમારી ત્વચાને સુરક્ષિત રાખવા માટે હંમેશા શ્વાસ લેવા યોગ્ય, ચીકણું ન હોય તેવું સનસ્ક્રીન પહેરો. ત્વચા સંભાળ દિનચર્યા સૂચકતા અને એક્સ્ફોલિએટ વધારાનું તેલ અને પ્રદૂષકો દૂર કરવા માટે હળવા ફોમિંગ અથવા સેલિસિલિક-એસિડ-આધારિત ક્લીંઝરથી તમારા ચહેરાને ધોઈ લો.

મૃત ત્વચાના કોષોને સાફ કરવા અને ભરાયેલા છિદ્રોને રોકવા માટે અઠવાડિયામાં ૧-૨ વખત એક્સ્ફોલિએટ કરો. સ્માર્ટલી હાઈડ્રેટ કરો. ઉચ્ચ ભેજ તમારી ત્વચાને વધારાનું તેલ ઉત્પન્ન કરવા માટે ફસાવી શકે છે. તેને સંતુલિત રાખવા માટે પાણી આધારિત અથવા જેલ-આધારિત મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરો.

ચીકણુંપણું ટાળવા માટે હળવા, મેટ-ફિનિશ સનસ્ક્રીન પસંદ કરો. વરસાદના દિવસોમાં બ્રેકઆઉટ અટકાવવા અને તમારી ત્વચાના અવરોધને સુરક્ષિત રાખવા માટે નિષ્ણાતની સલાહ લેવી.

### ઈઝરાયલમાં ગુંજશે 'જય ભવાની

# ઈઝરાયલમાં છત્રપતિ શિવાજી મહારાજની લાગશે ભવ્ય પ્રતિમા

## શિવાજી મહારાજે પણ તેમની વફાદારી અને બહાદુરીનું સન્માન કરીને તેમને પોતાના વહીવટમાં ઉચ્ચ સ્થાન આપ્યું હતું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી,તા.૦૯**

ભારત અને ઈઝરાયલ વચ્ચેના રાજદ્વારી અને સાંસ્કૃતિક સંબંધો હંમેશા મજબૂત રહ્યા છે, પરંતુ હવે બંને દેશોના ઈતિહાસને જોડતાં એક ખૂબ જ ગર્વ લેવા જેવા સમાચાર સામે આવ્યા છે. ટૂંક સમયમાં જ ઈઝરાયલની ધરતી પર મરાઠા સામ્રાજ્યના સ્થાપક અને અદમ્ય સાહસના પ્રતીક એવા છત્રપતિ શિવાજી મહારાજની એક ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. આ સમાચાર સામે આવતાં જ સોશિયલ મીડિયા પર એક નવી ચર્ચા શરૂ થઈ છે કે આખરે ઈઝરાયલ અને યહૂદી સમુદાયને મહારાષ્ટ્રના મહાન યોદ્ધા શિવાજી મહારાજ સાથે શું સંબંધ હતો? આ રોચક ઈતિહાસના તાર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના કોંકણ વિસ્તાર સાથે જોડાયેલા છે, જ્યાં સદીઓથી એક વિશેષ યહૂદી સમુદાય રહેતો આવ્યો છે, જેને 'બેને ઈઝરાયલ' કહેવામાં આવે છે. આ ભારતનો સૌથી પ્રાચીન યહૂદી સમુદાય માનવામાં આવે છે. સેંકડો વર્ષો પહેલા જ્યારે આ લોકો ભારત આવ્યા ત્યારે તેમણે માત્ર મહારાષ્ટ્રને પોતાનું ઘર જ ન બનાવ્યું, પરંતુ ત્યાંની સ્થાનિક મરાઠી ભાષા, પહેરવેશ અને સંસ્કૃતિને પણ સંપૂર્ણપણે અપનાવી લીધી હતી. પોતાની ધાર્મિક યહૂદી ઓળખ જાળવી રાખવાની સાથે તેઓ રોજિંદા જીવનમાં મરાઠી રંગમાં રંગાઈ ગયા હતા.

ઈતિહાસકારોના મતે, છત્રપતિ શિવાજી મહારાજની દૂરદર્શિતા અને તેમની ધર્મનિરપેક્ષ ન્યાયપ્રિયતાના કારણે જ દરેક સમુદાયના લોકો તેમના સ્વરાજ માટે જીવ આપવા તૈયાર રહેતા હતા. જ્યારે શિવાજી મહારાજે કોંકણ અને થાણે વિસ્તારમાં મરાઠા સામ્રાજ્યનો પાયો મજબૂત કરવાનું શરૂ કર્યું, ત્યારે 'બેને ઈઝરાયલ' સમુદાયના ઘણા કુશળ લોકોએ તેમની સેના અને વહીવટી વ્યવસ્થામાં મહત્ત્વની જવાબદારીઓ સંભાળી હતી. આ યહૂદી યોદ્ધાઓએ મરાઠા નૌકાદળ (નેવલ ફોર્સ) અને કિલ્લાઓની સુરક્ષામાં પોતાની સૈન્ય સેવાઓ આપી હતી. શિવાજી મહારાજે પણ તેમની વફાદારી અને બહાદુરીનું સન્માન કરીને તેમને પોતાના વહીવટમાં ઉચ્ચ સ્થાન આપ્યું હતું.



ભારતની આઝાદી અને ઈઝરાયલ દેશની સ્થાપના થયા પછી, મહારાષ્ટ્રના આ 'બેને ઈઝરાયલ' સમુદાયના મોટી સંખ્યામાં લોકો ઈઝરાયલ જઈને વસી ગયા હતા. જોકે, આજે પણ તેઓ પોતાને 'મરાઠી યહૂદી' કહે છે અને પોતાની માતૃભૂમિની જડોને ભૂલ્યા નથી. ઈઝરાયલમાં શિવાજી મહારાજની પ્રતિમા સ્થાપિત કરવી એ આ અતૂટ ઐતિહાસિક વફાદારી અને સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક સ્તરે સન્માન આપવા જેવું છે. આ પગલું દર્શાવે છે કે શિવાજી મહારાજની વિચારધારા અને તેમનું સ્વરાજ માત્ર ભારત પૂરતું મર્યાદિત ન હતું, પરંતુ તેમાં દેશ અને માટીને પ્રેમ કરનારી દરેક કોમ માટે સન્માનજનક સ્થાન હતું.

## ટાટા AIGએ મેડિકેર રિઝર્વ હેલ્થ વીમાસમાધાન પ્રસ્તુત કર્યું : જે રૂા.૫ કરોડના કવચ સાથે ફ્લેક્સિબલ સુપર ટોપ-અપ પ્લાન છે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા. ૦૯:** એક ટાટા AIG જનરલ ઈન્શ્યોરન્સે મેડિકેર રિઝર્વ નામનું હેલ્થ વીમા સમાધાન પ્રસ્તુત કર્યુ છે. સુપર ટૉપ-અપ માળખાં પર બનેલી આ યોજનામાં એક ખાસ 'વેવર ઑફ એગ્રીગેટ ડીડક્ટિબ્લ' બેનિફિટ સામેલ છે, જે લાયકાત ધરાવતા પૉલિસીધારકોને પૉલિસીના સતત પાંચ વર્ષ પછી નવા અંડરરાઈટિંગ વિના સંપૂર્ણ હેલ્થ વીમા પોલિસીમાં બદલવાની સુવિધા આપે છે. કુલ ડિડક્ટિબ્લ વિકલ્પની રેન્જ રૂા.૩થી રૂા.૫૦ છે તથા વીમાકૃત રકમ રૂા.૫ લાખથી રૂા.૫ કરોડ છે.


ટાટા AIG જનરલ ઈન્શ્યોરન્સ કંપનીના એજન્સી એન્ડ હેલ્થના હેડ પંકજ શ્રીવાસ્તવે કહ્યું હતું કે, મેડિકેર રિઝર્વ વેવર ઑફ એગ્રીગેટ ડિડક્ટિબ્લ, ટ્રાન્સિકેર વૉલેટ અને પોકેટ પ્રોટેક્ટ જેવી વિશિષ્ટ ખાસિયતો સાથે સુપર ટૉપ-અપ પ્લાનના વાજબીપણાનો સમન્વય કરીને આ જરૂરિયાતો પૂર્ણ કરવા બનાવેલું સમાધાન છે.

મેડિકેર રિઝર્વ 'ટ્રાન્સિકેર વૉલેટ'ની ખાસિયત પણ ધરાવે છે, જે એક વૈકલ્પિક બેનિફિટ છે. આ રોજગારીમાં ફેરફારો દરમિયાન નાણાકીય કવચ પ્રદાન કરે છે. આ યોજનામાં લાંબો સમય હોસ્પિટલમાં ભરતી થઈને સારવાર મેળવવાના ગાળા દરમિયાન ખિસ્સા ખર્ચનું વ્યવસ્થાપન કરવામાં મદદ કરવા 'પોકેટ પ્રોટેક્ટ' અને હોસ્પિટલમાં ભરતી થઈને સારવારના ગાળા દરમિયાન ચોક્કસ બિનતબીબી સંચિત ખર્ચ માટે 'કન્ઝ્યુમેબ્લસ બેનિફિટ' સામેલ છે. આ યોજના ૧૮થી ૫૫ વર્ષની વયજૂથના કાર્યરત વ્યાવસાયિકો માટે વિશેષ પ્રસ્તુત છે, જેઓ ઉત્પાદન, IT, ટેક્નોલૉજી સેવાઓ, સ્ટાર્ટઅપ્સ, સેલ્સ અને ફિલ્ડ કામગીરીઓ જેવા તમામ ક્ષેત્રોમાં કંપનીઓ દ્વારા પ્રાયોજિત ગ્રૂપ મેડિકલ વીમા પર નિર્ભર છે. ભારતની મુલાકાત લેતા NRIs અને OCIs માટે આ યોજનામાં અકસ્માતને કારણે હોસ્પિટલમાં તાત્કાલિક ભરતી થઈને સારવાર લેવા રૂા.૩,૦૦,૦૦૦ સુધીનું કવચ સામેલ છે, જે દેશમાં તેમના રોકાણ દરમિયાન અનપેક્ષિત તબીબી કટોકટીઓ સામે નાણાકીય કવચ પ્રદાન કરે છે.

### જેફરીઝનો મોટો દાવો

# અદાણી પાવર, ગ્રીન અને એનર્જી સોલ્યુશન્સનો આગામી દાયકા સુધી માર્કેટમાં રહેશે દબદબો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૯**




અદાણી ગ્રૂપની ત્રણ પાવર અને એનર્જી કંપનીઓ આગામી સમયમાં ભારતના ઊર્જા ક્ષેત્રનો ચહેરો બદલવા માટે સંપૂર્ણપણે સજ્જ થઈ રહી છે. ગ્લોબલ બ્રોકરેજ ફર્મ જેફરીઝ (Jefferies)ના તાજેતરના સંશોધન અહેવાલ અનુસાર, અદાણી પાવર, અદાણી એનર્જી સોલ્યુશન્સ અને અદાણી ગ્રીન એનર્જીના એક્સપાન્શન અને મજબૂત પર્ફોર્મન્સને કારણે આગામી દાયકા સુધી માર્કેટમાં ધમાકેદાર તેજી લાવવા જઈ રહી છે. દેશમાં ઝડપથી વધી રહેલી વીજળીની માંગ વચ્ચે આ ત્રણેય લિસ્ટેડ કંપનીઓ પરંપરાગત થર્મલ પાવર, આધુનિક પાવર ટ્રાન્સમિશન, સ્માર્ટ મીટરિંગ અને વિશાળ ગ્રીન એનર્જી સેક્ટરમાં એક અસાધારણ ઈકોસિસ્ટમ ઊભી કરી રહી છે.

ભારતની ચોવીસ કલાક વીજળીની જરૂરિયાત પૂરી કરવા માટે અદાણી પાવર લિમિટેડ (APL) દેશમાં સૌથી મોટો ખાનગી થર્મલ પાવર ઉત્પાદક તરીકે ઉભરી આવ્યો છે. કંપનીએ વર્ષ ૨૦૩૨ સુધીમાં પોતાની વીજ ઉત્પાદન ક્ષમતા ૨.૩ ગણી વધારીને ૪૨GW પર પહોંચાડવાનો મેગા લક્ષ્યાંક રાખ્યો છે. કંપનીની આગામી ૨૩.૭ GW ક્ષમતામાંથી 56% ક્ષમતા પહેલેથી જ લાંબા ગાળાના પાવર પરચેઝ એગ્રીમેન્ટ્સ (PPAs) હેઠળ સુરક્ષિત છે. ઉપરાંત ભવિષ્યના પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં એન્ટ્રી તેના લોન્ગ-ટર્મ ગ્રોથને નવી ઊંચાઈ આપશે.

બીજી તરફ, પાવર ડિસ્ટ્રિબ્યુશન અને ગ્રીડ નેટવર્કને આધુનિક બનાવવા માટે અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (AESL) ફ્રન્ટ-રનર સાબિત થઈ રહી છે. કંપની હાલમાં રૂા.૭૧૮ અબજના મેગા પાવર ટ્રાન્સમિશન પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે, જે ગયા વર્ષ કરતાં 20% વધુ છે, જ્યારે તેની નજીકના ભવિષ્યની બિડ પાઈપલાઈન રૂા.૧.૫ ટ્રિલિયન જેટલી વિશાળ છે. ટ્રાન્સમિશન સિવાય કંપનીનો સ્માર્ટ મીટર બિઝનેસ રોકેટ ગતિએ આગળ વધી રહ્યો છે; કંપની હવે ગુજરાત, તમિલનાડુ અને કર્ણાટક જેવા રાજ્યોમાં આ સેક્ટરમાં પ્રભુત્વ વધુ મજબૂત કરવા જઈ રહી છે.

ક્લીન અને ગ્રીન એનર્જીના મોરચે અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) વૈશ્વિક સ્તરે ઈતિહાસ રચી રહી છે, જે પોતાની રિન્યુએબલ ક્ષમતા ૨.૬ ગણી વધારીને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦GW કરવાનો ભવ્ય લક્ષ્યાંક ધરાવે છે. ખાવડા (કચ્છ) ખાતે કંપની વિશ્વનો સૌથી મોટો ૩૦GWનો રિન્યુએબલ એનર્જી પાર્ક વિકસાવી રહી છે, જેમાંથી ૯.૪GW ક્ષમતા ધમધમતી થઈ ચૂકી છે. લદાખ પછી ભારતમાં સૌથી શ્રેષ્ઠ સૂર્યપ્રકાશ આ વિસ્તારમાં મળતો હોવાથી કંપનીનું વીજ ઉત્પાદન 30%થી વધુ એફિશિયન્સી સાથે કામ કરશે. આ સાથે કંપની બેટરી સ્ટોરેજ સિસ્ટમ (BESS)નો વ્યાપ વધારી રહી છે, જેથી દિવસ દરમિયાન બનેલી સોલર એનર્જીને રાત્રે પીક-અવર્સમાં વેચી શકાય.નાણાંકીય ગણિત અને બજારના ટ્રેન્ડ્સ દર્શાવે છે કે, આ ત્રણેય કંપનીઓ વાર્ષિક 23% થી 30%નો ઓપરેટિંગ પ્રોફિટ ગ્રોથ (EBITDA CAGR) મેળવવાની અસાધારણ ક્ષમતા ધરાવે છે.

# રાષ્ટ્રીય રક્તપિત્ત નાબુદી અભિયાન દરમિયાન દ્વારા લેબ. ટેક્નીશિયનોને તાલીમ અપાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૯**

દાદરા નગર હવેલીના રાષ્ટ્રીય રક્તપિત્ત નાબુદી કાર્યક્રમ વિભાગ દ્વારા આરોગ્ય સચિવ શ્રી ગોપી કૃષ્ણ અને આરોગ્ય સંયુક્ત સચિવ શ્રી અમિત પમાસીના માર્ગદર્શન હેઠળ ખાનવેલ સબ જિલ્લા હોસ્પિટલમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના લેબ ટેક્નીશીયનો માટે રક્તપિત્ત માટે સ્પ્લિટ સ્કીન સ્મીયર ટેસ્ટીંગ પર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



દાનહ અને દમણ-દીવના રાષ્ટ્રીય રક્તપિત્ત નાબુદી કાર્યક્રમના અધિકારી ડૉ. ગણેશ વેર્નેકરે જણાવ્યું હતું કે, આ તાલીમ કાર્યક્રમનો હેતુ કમ્યુનિટી પરીક્ષણ સુવિધાઓને મજબૂત બનાવવાનો છે, જેથી દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં રક્તપિત્તની તપાસ કરી શકાય. તેમણે લોકોને વિનંતી કરી છે કે, જો તેઓની ત્વચા પર સુન્નતા આવે અથવા નસોમાં જાડાપણુ દેખાય તો તેઓ રક્તપિત્ત માટે પરીક્ષણ કરાવે.

ટ્રેનિંગ પ્રોગ્રામનું સંચાલન કન્સલ્ટન્ટ ડૉ. વિનિતા, ડિસ્ટ્રીક્ટ મેડિકલ ઓફિસર ડૉ. વિમલ, ડૉ. દક્ષિતા અને સીનીયર લેબ ટેક્નિશિયન દમયંતીબેને કર્યું હતું. ડૉ. એ.કે.માહલા સહિત અન્ય સ્ટાફ દ્વારા આ પ્રોગ્રામમાં સહયોગ આપ્યો હતો.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**આત્મનિર્ભર પંચાયતો...**

વર્કશોપમાં ૧૦૦થી વધુ સહભાગીઓએ રૂબરૂ હાજરી આપી હતી, જ્યારે ૩૦૦થી વધુ લોકો વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. સહભાગીઓમાં ૭૮ પંચાયત પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો, જેમાં તેમની સંબંધિત ગ્રામ પંચાયતોમાંથી પોતાના સ્રોતના મહેસૂલ (Own Source Revenue - OSR) જનરેશનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારાઓ સામેલ હતા.

મુખ્ય સંબોધન કરતાં પંચાયતી રાજ મંત્રાલયના સચિવ શ્રી વિવેક ભારદ્વાજે આત્મનિર્ભર પંચાયતોના વિઝન અને આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના લાંબા ગાળાના રાષ્ટ્રીય લક્ષ્યોને આગળ ધપાવવામાં તેમની ભૂમિકાની રૂપરેખા આપી હતી. તેમણે જમીની સ્તરના શાસનની પરિવર્તનકારી ક્ષમતા પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે આ વિઝન સ્વનિર્ભર અને સશક્ત પંચાયતો દ્વારા સાકાર કરી શકાય છે. તેમણે રેખાંકિત કર્યું હતું કે પંચાયતો રાષ્ટ્રીય પરિવર્તનના મુખ્ય વાહકો છે, જે નાગરિકોમાં જાગૃતિ લાવવા અને આત્મનિર્ભર સમુદાયોના નિર્માણ તરફ સંકલિત સામૂહિક પ્રયાસો ચલાવવા માટે અનન્ય સ્થાન ધરાવે છે.

તેમણે પંચાયતના નેતાઓને તેમના વિસ્તારોમાં સાર્થક અને કાયમી પ્રભાવ ઊભો કરવા માટે નવીનતાથી વિચારવા અને નિર્ણાયક રીતે કાર્ય કરવા વિનંતી કરી હતી, અને નોંધ્યું હતું કે સાચું નેતૃત્વ વ્યક્તિ પાછળ છોડી ગયેલા વારસા દ્વારા વ્યાખ્યાયિત થાય છે. તેમણે વિકાસ અને પ્રગતિ માટે નવી તકો ખોલવા માટે યોગ્ય પરિપ્રેક્ષ્ય અપનાવવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને સહભાગીઓને સશક્ત, સ્થિતિસ્થાપક અને સ્વનિર્ભર પંચાયતોના નિર્માણમાં પરિવર્તનના પ્રેરક તરીકે પોતાને જોવા માટે પ્રેરિત કર્યા હતા જે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનમાં યોગદાન આપે.

ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ રેખાંકિત કર્યું હતું કે આત્મનિર્ભરતા તરફની ભારતની સફર આર્થિક રીતે સશક્ત ગ્રામ પંચાયતોમાં ઊંડી રીતે જોડાયેલી છે. તેમણે પોતાના સ્રોતના મહેસૂલમાં વધારો કરવા, ગ્રાન્ટ પરની નિર્ભરતા ઘટાડવા અને સરકારી ભંડોળનો કાર્યક્ષમ ઉપયોગ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ગુજરાતની પ્રગતિનો સ્વીકાર કરવાની સાથે, તેમણે વધુ નવીનતા, વ્યૂહાત્મક આયોજન અને શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવા હાકલ કરી હતી. તેમણે સરપંચોને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતી પંચાયતોમાંથી શીખવા અને સફળ મોડલની નકલ કરવા પ્રોત્સાહિત કર્યા હતા, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે સુશાસનની શરૂઆત સ્થાનિક માલિકી, જવાબદારી અને સક્રિય સમુદાય ભાગીદારીથી થાય છે.

ગુજરાત સરકારના અધિક વિકાસ કમિશનર ડૉ. ગૌરવ દહિયાએ તેમના સ્વાગત પ્રવચનમાં પોતાના સ્રોતના મહેસૂલને મજબૂત કરવાના અતિ મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને પંચાયત પ્રતિનિધિઓને અસરકારક સ્થાનિક શાસન માટે નવીન અને ટકાઉ અભિગમો અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. ગુજરાતની મહાનગરપાલિકાઓ સાથે સમાનતા દર્શાવતા, જેમણે મજબૂત બજેટિંગ અને મહેસૂલ પ્રણાલી સ્થાપિત કરી છે, તેમણે પંચાયતોને સ્થાનિક સ્વશાસનની આર્થિક રીતે સશક્ત સંસ્થાઓ તરીકે વિકસિત થવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

નાબાર્ડ (NABARD), ગુજરાતના જનરલ મેનેજર ડૉ. પ્રદીપ પરાતેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકસિત ભારતનું વિઝન ગ્રામીણ સમુદાયોને રાષ્ટ્રીય વિકાસમાં અનિવાર્ય ભાગીદાર તરીકે માન્યતા આપે છે. તેમણે દેશભરમાં પંચાયતી રાજ સંસ્થાઓ અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને મજબૂત કરવા માટેના સતત પ્રયાસો બદલ પંચાયતી રાજ મંત્રાલયની પ્રશંસા કરી હતી. તેમણે પંચાયતોને આર્થિક વૃદ્ધિ અને આત્મનિર્ભરતાના મજબૂત ચાલક બળમાં પરિવર્તિત કરવા માટે સંકલિત સંસ્થાકીય કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે સ્થાનિક આર્થિક વિકાસ અને નાણાકીય ટકાઉપણાને વધારી શકે તેવા વ્યવહારુ, આવક જનરેટ કરતા પ્રોજેક્ટ્સ વિકસાવવામાં ગ્રામ પંચાયતોને નાબાર્ડના સમર્થનની પણ ખાતરી આપી હતી.

આઉટરીચ વર્કશોપને સંબોધતા, હુડકો (HUDCO), અમદાવાદના પ્રાદેશિક વડા શ્રી વિમલ કુમારે તકનીકી સહાય, ક્ષમતા નિર્માણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓને ટેકો આપવા માટેની હુડકોની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

પંચાયતી રાજ મંત્રાલયની તકનીકી ટીમે આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમનું વિગતવાર માળખું રજૂ કર્યું હતું અને આત્મનિર્ભર પંચાયત પોર્ટલનું જીવંત પ્રદર્શન (લાઈવ ડેમોન્સ્ટ્રેશન) કર્યું હતું. આ સત્રમાં એપ્લિકેશન વર્કફ્લો અને ડેશબોર્ડની સંપૂર્ણ વિગતો પૂરી પાડવામાં આવી હતી, જે સહભાગીઓને કાર્યક્રમના અસરકારક ડિજિટલ અમલીકરણ અને સંચાલન માટે વ્યવહારુ સમજણ પૂરી પાડે છે.

આઉટરીચ વર્કશોપમાં એક પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાયું હતું. પંચાયતી રાજ મંત્રાલયના સચિવ શ્રી વિવેક ભારદ્વાજે ગુજરાત પંચાયતી રાજ વિભાગના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં સહભાગીઓ સાથે વાતચીત કરી હતી. આ સત્રે પ્રશ્નોના ઉકેલ લાવવા, દરખાસ્તો પર ચર્ચા કરવા અને રચનાત્મક સંવાદ તેમજ જ્ઞાનના આદાન-પ્રદાનની સુવિધા માટે એક મંચ પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે પંચાયતી રાજ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રીમતી મુક્તા શેખર અને ગુજરાત સરકારના વિકાસ કમિશનર શ્રી ડી. એન. મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્કશોપે દેશભરમાં સ્વનિર્ભર, જીવંત અને આર્થિક રીતે સશક્ત પંચાયતો હાંસલ કરવા તરફ સંવાદ, જ્ઞાનની વહેંચણી અને ક્ષમતા નિર્માણ માટે એક મહત્ત્વપૂર્ણ મંચ તરીકે કામ કર્યું હતું.

**આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ:** આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ પાત્ર ગ્રામ પંચાયતો અને બ્લોક પંચાયતોને નાણાકીય રીતે વ્યવહારુ અને બેંકેબલ (બેંક લોન પાત્ર) પ્રોજેક્ટ્સ વિકસાવવા અને અમલમાં મૂકવામાં મદદ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે, જે તેમના પોતાના સ્રોતના મહેસૂલને મજબૂત કરે છે. પારદર્શક રાષ્ટ્રીય પડકાર પ્રક્રિયા દ્વારા, પસંદ કરાયેલી પંચાયત દરખાસ્તોને પ્રોજેક્ટ વિકાસથી લઈને નાણાકીય પૂર્ણાહુતિ સુધી સમર્પિત તકનીકી સહાય પ્રાપ્ત થશે. સહાયમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPPs), કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ફંડિંગ, બેંક ફાઈનાન્સ અને સરકારી યોજનાઓ સાથે જોડાણની સુવિધા સામેલ હશે.

પંચાયતોમાંથી જ ઉદ્‌ભવતા પ્રોજેક્ટ વિચારો અને પસંદ કરેલી દરખાસ્તોને બેંકેબલ પ્રોજેક્ટ્સમાં પરિવર્તિત કરવામાં મદદ કરતી તકનીકી સહાય સાથે, ફરજિયાત ગ્રામસભાની સંમતિ દ્વારા સમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવે છે. તેના ચાર વર્ષના અમલીકરણ સમયગાળા દરમિયાન, આ કાર્યક્રમ સ્વનિર્ભર અને આર્થિક રીતે આત્મવિશ્વાસુ પંચાયતોની નવી પેઢીનું નિર્માણ કરવાની આકાંક્ષા રાખે છે, જે દર્શાવે છે કે આર્થિક સ્વતંત્રતા અને સારું સ્થાનિક શાસન બંને એકસાથે ચાલે છે.

# વલસાડના કોસંબા સરકારી આયુર્વેદ દવાખાના દ્વારા સર્વરોગ નિદાન સારવાર કેમ્પો યોજાયો




**ડાયાબીટીસ, બ્લડપ્રેશર, કોલેસ્ટરોલ, સ્થુળતા, થાઈરોઈડ, સોરાયસીસ, સફેદ ડાઘ સહિત વિવિધ રોગોની સારવાર કરાઈ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામક આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ કોસંબા ગામમાં સ્થિત સરકારી આયુર્વેદ દવાખાનુના મેડિકલ ઓફિસર ડૉ.સ્વાતિ ચૌધરી દ્વારા વિશ્વ યોગ દિવસ ૨૦૨૬ ના ૧૦૦ દિવસ ઉજવણીના ભાગ રૂપે યોગ અંગે જન જાગૃતિ હેતુ ગ્રામ્ય વિસ્તાર દિવાદાંડી, રણછોડજી ટેકરા, ખોડીયાર માતા મંદિર, નવી બાવરી જેવા વિવિધ સ્થળોએ સર્વરોગ મફત નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કેમ્પમાં દરેક પ્રકારના રોગો જેવા કે, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, કોલેસ્ટરોલ, સ્થુળતા, થાઈરોઈડ, સોરાયસીસ, સફેદ ડાઘ, વાળ ખરવા, સફેદ થવા, સંધિવા, ગઠિયા વા, સાઈટિકા, નસોની તકલીફ, ગેસ, એસિડિટી, કબજિયાત, હરસ, મસા, મરડો, માઈગ્રેન, મોઢામાં ચાંદા પડવા, આંતરડામાં સોજો-ચાંદા, જુની શરદી, અસ્થમા, શ્વાસની તકલીફ, પથરી, ફેટી લીવર, પિતાશયમાં પથરી, માસિકની તકલીફ, પીસીઓડી વગેરે જેવા અનેક પ્રકારના રોગોની સારવાર કરી આયુર્વેદ ઔષધનું વિતરણ કરાયુ હતું. જેમાં ગ્રામજનોએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો. ઉપરાંત અષ્ટાંગ યોગ વિષયક પેમ્પલેટનું વિતરણ ગ્રામ્ય વિસ્તારોમાં કરવામાં આવ્યુ હતું.

ગ્રીષ્મ ઋતુમાં વધુ પડતી ગરમી સામે રક્ષણ આપનાર અને સ્વાસ્થ્યપ્રદ આયુર્વેદ હિમ કલ્પના અનુસાર ''બ્રાહ્મી શંખપુષ્પી હીમ'' નું વિતરણ પણ કરવામાં આવ્યુ હતું. આ ''બ્રાહ્મી શંખપુષ્પી હીમ'' નું પાન કરવાથી શરીરમાં ઠંડક રહે છે, વધુ પડતો પરસેવો થતો નથી, લૂ ન લાગવી, માથાનો દુખાવો અને ઍસિડીટીમાં પણ રાહત રહે છે.

૧૨ માં વિશ્વ યોગ દિવસ ૨૦૨૬ના ૧૦૦ દિવસ કાર્યક્રમના ભાગ રૂપે આયુષ ટીમ દ્વારા તારીખ ૧૧/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૯.૩૦ કલાકે ગ્રામ પંચાયત, કોસંબા, વલસાડ ખાતે યોગ વિષયક ચર્ચા અંગે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

# જાયન્ટ ગ્રુપ ઓફ વાપી દ્વારા ઉદ્યોગોમાં પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા સુવિધિ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ, ૧૦૦ શેડ એરિયા, વાપી ખાતે "We Care Environment" થીમ હેઠળ ઉદ્યોગોમાં પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સુવિધિ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અશોક જૈનની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ (Plantation) કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ દ્વારા હરિયાળું, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી સમાજ નિર્માણનો સંદેશ આપવામાં આવ્યો. ત્યારબાદ જાયન્ટ્સના સિનિયર સભ્ય અને પર્યાવરણ નિષ્ણાંત ડૉ.હિતેન ભટ્ટ દ્વારા ઉદ્યોગોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, પ્રદૂષણ નિયંત્રણ, કુદરતી સંસાધનોના સંરક્ષણ અને ટકાઉ વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગના કર્મચારીઓ અને અધિકારીઓએ પર્યાવરણના રક્ષણ માટે પ્રતિબદ્ધ રહેવાનો સંકલ્પ લીધો. કાર્યક્રમમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીની ઉત્સાહી ટીમની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પ્રમુખ Gt. રિતેશ રાવલ, D.A. Gt. ખ્યાતિ રાવલ, D.F. Gt. રજની શેટ્ટી, SCM Gt. બાલા શેટ્ટી, સિનિયર જાયન્ટ્સ અને પાસ્ટ પ્રેસિડેન્ટ ટીમમાંથી ડો.હિતેન ભટ્ટ, શ્રીમતી ચારુશીલાબેન ભટ્ટ, શ્રી હિરેન ગોર, શ્રી હિતેશ પુરોહિત, શ્રી ધવલભાઈ તથા શ્રી ધ્રુમિલ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જાયન્ટ્સ ગ્રુપ ઓફ મરોલી વિભાગ તરફથી દોલતભાઈ પટેલ (Fed. Officer – I/C Environment), શ્રી અનિલભાઈ રાવલ (IPFP), ક્ષશ્ર દિલીપભાઈ નાયક તથા શ્રી પ્રકાશભાઈ દેસાઈની ગૌરવપૂર્ણ હાજરીએ કાર્યક્રમને વધુ સફળ અને પ્રેરણાદાયી બનાવ્યો હતો. સુવિધિ ગ્રુપ ઓફ કંપની તરફથી ડિરેક્ટર શ્રી સંજુ મહાજન, માર્કેટિંગ હેડ શ્રી નિતેશભાઈ, એચ.આર. હેડ તનવી મેડમ તેમજ કંપનીના સિનિયર અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લઈને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આત્મસાત કર્યો હતો. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આયોજિત આ જાગૃતિ કાર્યક્રમમાં સૌએ વૃક્ષારોપણ અને પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવાનો સંકલ્પ કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમ દ્વારા ઉદ્યોગોમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસે અને વધુમાં વધુ વૃક્ષારોપણ તેમજ પર્યાવરણ સંરક્ષણના કાર્યોને પ્રોત્સાહન મળે તેવો મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો. સુવિધિ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ અને જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના સંયુક્ત પ્રયાસાથી આ કાર્યક્રમ સફળ રહ્યો અને ઉદ્યોગોમાં પર્યાવરણ જાગૃતિનો પ્રેરણાદાયક સંદેશ પ્રસરી શક્યો. 'આજે પ્રકૃતિનું રક્ષણ-આવતીકાલે સુરક્ષિત અને હરિયાળું ભવિષ્ય'.

# વલસાડમાં કોળી પટેલ સમાજ દ્વારા, સમાજના તેજસ્વી તારલાઓ અને તાલુકા/જિલ્લા પંચાયતના ચૂંટાયેલા નવા કોળી પટેલ સમાજના પદાધિકારીઓનું સન્માન કરાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

શ્રી વલસાડ તાલુકા કોળી પટેલ સમાજ મંડળની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતા, મંડળ દ્વારા ગોલ્ડન જ્યુબલી વર્ષ ઉજવવાનું નક્કી કરેલ છે. તે અંતર્ગત વર્ષ દરમિયાન વિવિધ સામાજીક, શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન તબક્કાવાર કરવામાં આવી રહ્યુ છે. સમાજ મંડળના પ્રમુખ અને વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલના જણાવ્યા મુજબ સમાજ મંડળ દ્વારા સર્વજ્ઞાતિ ૧૦ માં સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૧૦૫ કન્યા લગ્ન ગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. અત્યાર સુધીમાં સમાજ દ્વારા ૧૩૧૫ કન્યાઓને સુખરૂપ પરણાવી વિદાય કરવામાં આવી છે, તેમજ અન્ય પ્રવૃતિઓ જેવી કે રાહતદરે નોટબુક વિતરણ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, બ્લડ ડોનેશન કેમ્પ, ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ, મેરેથોન દોડ, શીષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમ વિગેરે પ્રવૃત્તિઓનું તબક્કાવાર આયોજન થઈ રહ્યુ છે. અગામી તારીખ ૨૧ જૂન ૨૦૨૬, રવિવારના રોજ સમાજના તેજસ્વી તારલાઓ તથા વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત કરનારાઓનુ સન્માન કરવાનો કાર્યક્રમ સમાજવાડી, તીથલ રોડ ખાતે રાખવામાં આવેલ છે. સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલના જણાવ્યા મુજબ આ સમારંભમાં પણી પુરવઠા અને જળ સંચય મંત્રી (સ્વતંત્ર હવાલો) ઈશ્વરભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને સમાજના નીચે પ્રમાણેના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

ધોરણ ૧૦ માં એ૧ ગ્રેડ, ધોરણ ૧૦ માં સ્કૂલમાં કોળી પટેલમાં પ્રથમ, ધોરણ ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં એ૧, એ૨, ગ્રેડ તથા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં એ૧, એ૨ ગ્રેડ તથા ધોરણ ૧૨ માં વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહમાં સ્કૂલમાં કોળી પટેલમાં પ્રથમ વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવશે, તેમજ વિશિષ્ટ સિધ્ધીમાં ડોક્ટર, પી.એચ.ડી., એમ.ફીલ., સી.એ., સી.એસ., આઈ.સી.ડબલ્યુ.એ., એમ.ઈ., એમ.ફાર્મ., યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી. પરીક્ષા પાસ કરનાર, સંગીત ક્ષેત્રે વિશારદ તથા રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ રમત ગમત તેમજ શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધી મેળવનાર વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં કોળી પટેલ સમાજનું સમગ્ર ભારતમાં ક્રિકેટમાં નામ રોશન કરનાર, વિશ્વકપ અંદર-૧૯ માં ભાગ લઈ ઉત્કૃષ દેખાવ કરનાર જુજવા ગામના ક્રિકેટર હેનિલ પટેલનું વિશેષ સન્માન કરવામાં આવશે. જેમાં કોળી પટેલ સમાજના યુવા ક્રિકેટરોને મોટી સંખ્યામાં હાજર રહેવા જણાવાયું છે. તથા તાલુકા/જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા નવા કોળી પટેલ સમાજના પદાધિકારીઓનું સન્માન કરવામાં આવશે. સમાજના દાનવીરો તથા આગેવાનોને હાજર રહેવા નિમંત્રણ પાઠવાયું છે.

# વલસાડના ચિંચાઈ ગામે યોજાઈ પ્લાસ્ટિક સફાઈ ડ્રાઈવ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ અંતર્ગત કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ વલસાડ તાલુકાના ચિંચાઈ ગામમાં 'પ્લાસ્ટિક સફાઈ દિવસ' ની ઉજવણીના ભાગરૂપે સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ગામના સરપંચ, તલાટી, સફાઈ કર્મચારીઓ અને જાગૃત ગ્રામજનોએ એકસાથે શ્રમદાન કરીને રસ્તાઓની બંને બાજુ, જાહેર સ્થળો અને બજાર વિસ્તારોમાંથી પ્લાસ્ટિકનો કચરો દૂર કર્યો હતો.

# ધરમપુરના ધામણી ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'પ્લાસ્ટિક સફાઈ દિવસ'ની ઉજવણી કરાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ નેજા હેઠળ વલસાડમાં જિલ્લામાં વિવિધ સ્થળોએ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ સફાઈ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ધરમપુર તાલુકાના ધામણી ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'પ્લાસ્ટિક સફાઈ દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. પર્યાવરણ જાગૃતિ અને ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના ઉદ્દેશ્યથી હાથ ધરવામાં આવેલી આ ઝુંબેશમાં ગામના રસ્તાઓની બંને બાજુઓ, જાહેર સ્થળો અને બજારના વિસ્તારોમાંથી તમામ પ્રકારના પ્લાસ્ટિક કચરાને એકત્રિત કરીને સઘન સાફ-સફાઈ કરવામાં આવી હતી. સફાઈ અભિયાનમાં ધામણી ગામના સરપંચ છનીબેન રાજેશભાઈ જાંજર, તલાટી, સફાઈ કર્મચારીઓ તેમજ સ્થાનિક ગ્રામજનોએ શ્રમદાન કર્યું હતું.

# વલસાડ રોહિત સમાજ શૈક્ષણિક મંડળ દ્વારા ૧૮૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક વિતરણ કરાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

વલસાડ રોહિત સમાજ શૈક્ષણિક મંડળ દ્વારા વલસાડ જિલ્લામાં અભ્યાસ કરતા રોહિત સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સમાજના દાતાઓની મદદથી ધો.૧ થી કોલેજ સુધી અને વિવિધ કોર્સમાં અભ્યાસ કરતા ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ૧૮૦૦ જેટલી નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વલસાડ રોહિત સમાજ શૈક્ષણિક મંડળ વતી કલ્પેશકુમાર ગોહિલ (લીલાપોર) દ્વારા તમામ દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગામે ગામ રહેતા રોહિત સમાજના બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહન કરી સમાજના આગેવાનોએ ડો.બાબાસાહેબ આંબેડકરે કહેલુ વિધાન ''શિક્ષણ એ સિંહણના દૂધ જેવું છે, જે કોઈ પીએ છે, તે ગર્જના કર્યા સિવાય રહેતો નથી'' એ યાદ કરાવી શિક્ષિત બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899 /
સુરેશ ઉમતિયા - 98259 89444

# વલસાડ જિલ્લામાં ગ્રીન એનર્જી તરફ મોટું પગલું: વડાપ્રધાનની અપીલ બાદ લોકો ઈલેક્ટ્રિક વાહન તરફ વળ્યા





**■ વલસાડ આરટીઓ કચેરીમાં છેલ્લા પાંચ જ મહિનામાં ૧૩૫૫ જેટલા ઈવી વાહનોની નોંધણી થઈ ■ સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલના વાહનની ખરીદી પર ૬ ટકા રોડ ટેક્સ જ્યારે ઈવી વાહનની ખરીદી પર માત્ર ૧ ટકા જ રોડ ટેક્સ હોવાથી મોટી રાહત ■ જીએસટી, ઈમ્પોર્ટ ડ્યુટી અને અન્ય લાભો મળી ઈવીના વાહનોની કિંમતમાં ૨૦ ટકાનો ભાવ ઘટાડો થતા ઇવી લોકોની પહેલી પસંદ બની ■ પર્યાવરણ બચાવ, ખર્ચ ઘટાડો અને સોલાર કનેકશનના કારણે પણ ઈલેક્ટ્રિક વાહનો તરફ લોકોનો ઝુકાવ વધ્યો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુધ્ધના પગલે સર્જાયેલી ઊર્જા કટોકટીની અસર આખી દુનિયામાં દેખાઈ રહી છે. ક્રુડ ઓઈલના વધતા ભાવના લીધે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ હાલની સ્થિતિમાં લોકોને પેટ્રોલ-ડીઝલ વપરાશના વાહનોનો ઓછો વપરાશ કરવા માટે અપીલ કરી છે. જેને સ્વીકારી લોકો હવે પરંપરાગત વાહનોને બદલે વૈકલ્પિક વાહન તરફ વળ્યા છે. ટ્રાન્સપોર્ટેશનના ખર્ચથી બચવા માટે વલસાડ જિલ્લાના નાગરિકો હવે ઈલેક્ટ્રિક વ્હીકલને પહેલી પસંદગી બનાવી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને હાલની સ્થિતિમાં પેટ્રોલ-ડીઝલ વાહનોનો વપરાશ ઓછો કરવા માટે અપીલ કરતા તેની સાનુકૂળ અસર વલસાડ જિલ્લામાં દેખાઈ રહી છે. ગત વર્ષે ૨૦૨૫માં ૧૯૭૯ ઈલેક્ટ્રિક વાહનો વેચાયા હતા. જેની સાથે ચાલુ વર્ષે જાન્યુ. થી મે સુધીના માત્ર પાંચ જ માસમાં ૧૩૫૫ ઈવી વાહનોનું વેચાણ થયું છે. જે આંકડો જોતા વર્ષ પૂર્ણ થતા સુધીમાં રેકોર્ડ બ્રેક ઈવી વાહનોનું વલસાડ જિલ્લામાં વેચાણ થશે એવું અનુમાન આરટીઓ વિભાગ દ્વારા લગાવાય રહ્યું છે.

વલસાડ જિલ્લા આરટીઓ અધિકારી નિકુંજ ગજેરાએ જણાવ્યુ કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રિક વ્હીકલ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે. લોકો પેટ્રોલ-ડિઝલના વાહનોને બદલે ઈવી તરફ વળે તે માટે તા.૧ એપ્રિલ ૨૦૨૫થી તા.૩૧ માર્ચ ૨૦૨૬ સુધી ઈવી વાહનો પર રોડ ટેક્સ માત્ર એક જ ટકા લેવાઈ રહ્યો હતો, પરંતુ ઈવી વાહનોની માંગ વધતા અને પ્રજાને મોંઘવારીનો માર સહન ન કરવો પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર એક ટકા રોડ ટેક્સ ભરવાની મુદત લંબાવીને તા.૩૧ માર્ચ ૨૦૨૭ કરવામાં આવી છે. જ્યારે પેટ્રોલ ડિઝલના વાહનો પર ૬ ટકા રોડ ટેક્સ આરટીઓ કચેરી દ્વારા વસૂલવામાં આવે છે.

**ખાસ લેખ**
**- જિજ્ઞેશ સોલંકી**

વાપીના બલીઠા ખાતે સ્થિત ઈકો ઈન્ડિયા ઈલેક્ટ્રોમેક પ્રા.લિ.ના ડિરેક્ટર મનિષ પાટીલ જણાવે છે કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપી રહી છે, જે મુજબ ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીમાં જીએસટી, ઈમ્પોર્ટ ડ્યુટી અને અન્ય લાભો મળી ઈવીના વાહનોની કિંમતમાં ૨૦ ટકાનો ભાવ ઘટાડો કર્યો છે, જેના કારણે લોકો ઈવી તરફ વધુ વળી રહ્યા છે. આ સિવાય બ્રાન્ડેડ કંપનીની ઈવી બાઈક અને મોપેડ રૂ.૧ થી રૂ.૧.૫૦ લાખ સુધીમાં મળે છે જ્યારે નવી ઉભરતી મેન્યુફેક્ચર કંપનીઓ દ્વારા રૂ.૫૦ હજાર થી રૂ.૭૦ હજાર સુધીની કિંમતમાં ઈવી વાહનો વેચાણ માટે મુકાય રહ્યા છે જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે મોંઘવારીના સમયમાં આશીર્વાદ સમાન ગણાય છે.

## જાન્યુઆરીથી ઇવીના વેચાણમાં વધારોઃ મે માસમાં ખરીદીનો ગ્રાફ સૌથી ઊંચો

જુદી જુદી કંપનીઓએ પરંપરાગત વાહનની સાથે સાથે ઈલેક્ટ્રિક વાહનો પણ બનાવવાનું શરૂ કરી દેતાં લોકોમાં પણ આ બાબતે જાગૃતિ આવી છે. તા.૧ જાન્યુઆરીથી જ લોકોનો ઝુકાવ ઈવી તરફ વધ્યો હોવાનું સામે આવ્યું છે. વલસાડ જિલ્લા પ્રાદેશિક પરિવહન કચેરીના આંકડા મુજબ, ચાલુ વર્ષે પહેલી જાન્યુઆરીથી મે સુધીના ટૂંકા ગાળામાં જ જિલ્લામાં કુલ ૧૩૫૫ ઈલેક્ટ્રિક વાહનોની નોંધણી થઈ ચૂકી છે. છેલ્લા પાંચ મહિનામાં ઈલેક્ટ્રિક વાહન ખરીદીનો સૌથી ઊંચો ગ્રાફ વડાપ્રધાનની અપીલ બાદ મે મહિનામાં જોવા મળ્યો હતો.

## વલસાડવાસીઓ ગ્રીન એનર્જી તરફ ઝડપથી ડગ માંડી રહ્યા છે

આંકડાઓ પર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે, મે મહિનામાં ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીમાં બમ્પર ઉછાળો આવ્યો હતો, જેમાં એક જ મહિનામાં ૩૭૪ ઈલેક્ટ્રિક વાહનો રજીસ્ટર થયા હતા. પેટ્રોલ-ડીઝલના વધતા ભાવથી મુક્તિ મેળવવા અને પર્યાવરણ તરફ પૂરક અભિગમ અપનાવવા માટે વલસાડવાસીઓ હવે ગ્રીન એનર્જી તરફ ઝડપથી ડગ માંડી રહ્યા છે. નિષ્ણાતોના મતે સોલાર ઊર્જાના જોડાણ વધતા અને સરકારની સહાયકારી નીતિને પગલે આગામી દિવસોમાં આ ટ્રેન્ડ હજુ વધુ મજબૂત બનશે.

**આરટીઓ કચેરીમાં છેલ્લા ચાર વર્ષમાં નોંધાયેલા ઈલેક્ટ્રિક વાહનો**

| વર્ષ | ઈવી વાહન |
|---|---|
| ૨૦૨૨ | ૧૬૪૦ |
| ૨૦૨૩ | ૧૯૮૮ |
| ૨૦૨૪ | ૨૨૦૯ |
| ૨૦૨૫ | ૧૯૭૯ |
| **કુલ** | **૭૮૧૬** |

**ચાલુ વર્ષ ૨૦૨૬માં છેલ્લા પાંચ મહિનામાં વેચાયેલા ઈલેક્ટ્રિક વાહનો**

| વર્ષ | ઈવી વાહન |
|---|---|
| જાન્યુઆરી-૨૬ | ૨૧૩ |
| ફેબ્રુઆરી-૨૬ | ૧૮૮ |
| માર્ચ-૨૬ | ૩૦૯ |
| એપ્રિલ-૨૬ | ૨૭૧ |
| મે-૨૦૨૬ | ૩૭૪ |
| **કુલ** | **૧૩૫૫** |

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# લોકતંત્રમાં ચૂંટાયેલી કોઈપણ સરકાર આવી માંગણી સ્વીકારીને શાસન કરી શકે નહીં

**કો**ક્રોચ જનતા પાર્ટીના જનક અભિજિત દીપકેએ કેન્દ્રીય શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી નહીં સ્વીકારાય તો દેશભરનાં મુખ્ય શહેરોમાં આંદોલન વ્યાપક બનાવીને આવતા શનિવારે ફરીથી રાજધાનીના જંતરમંતર ખાતે આવીને આંદોલન તીવ્ર બનાવાશે એમ જણાવ્યું છે. અભિજિતને નવી દિલ્હીમાં વિદ્યાર્થીઓ જનતાનું નોંધપાત્ર સમર્થન મળશે એવી ધારણા હતી જ. પણ મહારાષ્ટ્રમાં એમનાં માતા અને બહેનને મળ્યાં પછી દિલ્હીમાં પગ મૂકતાં જ એમની ધરપકડ થશે એવી દહેશત આગાહી ખોટી પડી છે. દિલ્હી પોલીસે વિમાનમથક ઉપર જ એમને જંતરમંતર ખાતે જાહેરસભા શાંતિપૂર્વક યોજવાની પરવાનગી આપી દીધી. પોલીસ બંદોબસ્ત પણ સખત હતો. આંદોલનની સભાના સ્થળે કાયદોવ્યવસ્થા જળવાઈ રહી તે મહત્ત્વનું છે. ભારતમાં વાણીસ્વાતંત્ર્ય સંસદમાં અને શેરીઓમાં હોવાની ખાતરી એમને અને અન્ય રાજકીય નેતાઓને થઈ હશે. વિદ્યાર્થીઓ અને સમસ્ત યુવા વર્ગને ન્યાય અપાવવાની જાહેરાત સાથે શરૂ થયેલા આંદોલનમાં રાજકારણ કેન્દ્રમાં હોવાનું પણ સ્પષ્ટ થયું છે. અભિજિતે ભારતમાં માતાઓને એમનાં સંતાનોની સ્વતંત્રતા અને સલામતીની ચિંતા, ભય હોવાનો આક્ષેપ કર્યો છે અને 'છેલ્લાં દસબાર વર્ષથી ભારતમાં હિન્દુ મુસ્લિમ કોમવાદી રાજકારણ ચાલી રહ્યું છે. કોઈને નોકરી મળી છે? ફાયદો કોને થાય છે?' રાજકીય ભયની વાત કરીને એમણે આંદોલનને રાજકીય રંગ આપી દીધો છે. અભિજિતની 'ઘોષણા' પછી મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા રોહિત પવાર અને સુપ્રિયા સુળે તથા ઉદ્ધવ ઠાકરેએ સમર્થન આપ્યું છે. સમાજવાદી પક્ષ, તૃણમૂલ કૉંગ્રેસ, આરજેડી અને સીપીએમ પણ આંદોલન આવકારે છે. જ્યારે કૉંગ્રેસ સાવધાન છે કારણ કે કૉંગ્રેસે ઈન્દિરા ગાંધીના શાસનકાળમાં આવાં આંદોલન જોયાં છે અને પરિણામ પણ ભોગવ્યાં છે. શિક્ષણપ્રધાને પરીક્ષા કૌભાંડની તપાસના આદેશ આપ્યા છે અને તપાસ શરૂ થઈ છે ત્યારે માત્ર રાજકીય ઉદ્દેશથી રાજીનામું માગવામાં આવે છે! રાજીનામું આપે નહીં તો એમને બરતરફ કરવાની માંગણી પણ વધુ પડતી છે. રાજીનામું આપે અથવા લઈ લેવાય તો કેન્દ્ર સરકારની નિષ્ફળતા અને નબળાઈ સાબિત થાય. તપાસનો અહેવાલ આવે ત્યાં સુધી રાહ જોવી જ પડે. સાત દિવસની મહેતલથી સંવિધાન અને લોકતંત્રને જ નુકસાન થાય રક્ષણની વાત બાજુએ રહી. લોકતંત્રમાં ચૂંટાયેલી કોઈપણ સરકાર આવી માંગણી સ્વીકારીને શાસન કરી શકે નહીં. જે વિપક્ષો લાંબો વિચાર કર્યા વિના માત્ર 'મોદી હઠાવો' માટે કોક્રોચ પાર્ટીને સમર્થન આપી રહ્યા છે તેમને અરવિંદ કેજરીવાલનું 'ઝાડુ' યાદ આવે છે? કોક્રોચ અને ઝાડુની જુગલબંધી ચાલે ખરી?

### પહેલા ભાવ વધ્યા, હવે સિલિન્ડરની સંખ્યા ઘટી

# ઉજ્જવલા કનેક્શન ધારકોને ઝટકો : સરકારે સબસિડી વાળા સિલિન્ડરની સંખ્યા ઘટાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૯**

કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજના હેઠળ મળતા એલપીજી (LPG) સિલિન્ડરની સબસિડીમાં મોટો કાપ મૂક્યો છે. અગાઉના વર્ષમાં જે 9 સબસિડી વાળા સિલિન્ડર મળતા હતા, તે હવે ઘટાડીને લાભાર્થીઓને વાર્ષિક માત્ર 4 સિલિન્ડર જ આપવામાં આવશે.

**સિલિન્ડરની કિંમતમાં છેલ્લા ૩ મહિનામાં ૨ વખત થયેલા વધારાને કારણે કુલ ૮૯ રૂપિયાનો વધારો થયો**

સરકારે સબસિડી વાળા સિલિન્ડરના ક્વોટામાં આ બીજી વખત ઘટાડો કર્યો છે. ગરીબ પરિવારોની પુખ્ત વયની મહિલાઓને ડિપોઝિટ વિના મફત એલપીજી કનેક્શન આપવાના હેતુથી મે 2016માં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં લાભાર્થીઓને વર્ષમાં 12 સબસિડી વાળા 14.2 કિલોગ્રામના ના સિલિન્ડર મળતા હતા.

ગત વર્ષે આ ક્વોટા ઘટાડીને 9 કરાયો હતો, અને હવે તેને વધુ ઓછો કરીને માત્ર 4 સિલિન્ડર કરી દેવામાં આવ્યો છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી પ્રવીણ મલ ખનૂજાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'આ સુધારેલી મર્યાદા ઉજ્જવલા લાભાર્થીઓના વાર્ષિક સરેરાશ વપરાશને આધારે નક્કી કરવામાં આવી છે. રસોઈ માટે સ્વચ્છ ઈંધણને પ્રોત્સાહન આપવા સરકારે મે 2022માં 14.2-kgના સિલિન્ડર પર 200 રૂપિયાની ટાર્ગેટેડ સબસિડી શરૂ કરી હતી, જેને ઓક્ટોબર 2023માં વધારીને 300 રૂપિયા કરવામાં આવી હતી. આ સબસિડી સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થાય છે.'સબસિડીના ક્વોટામાં આ ઘટાડો એલપીજીની કિંમતોમાં થયેલા વધારા બાદ કરવામાં આવ્યો છે. દિલ્હીમાં 14.2-kgના સિલિન્ડરની કિંમતમાં છેલ્લા 3 મહિનામાં 2 વખત થયેલા વધારાને કારણે કુલ 89 રૂપિયાનો વધારો થયો છે. છેલ્લો ભાવવધારો 7 જૂનના રોજ થયો હતો, જેનાથી તેની રિટેલ કિંમત 942 રૂપિયા પર પહોંચી ગઈ છે. 300 રૂપિયાની સબસિડી બાદ કર્યા પછી, ઉજ્જવલા લાભાર્થીઓને આ સિલિન્ડર 642 રૂપિયામાં પડે છે.અધિકારીએ ઉમેર્યું કે, '7 જૂનના રોજ રાંધણ ગેસના ભાવમાં પ્રતિ સિલિન્ડર 29 રૂપિયાનો વધારો કરાયો હતો, જે રોજિંદા માત્ર 1 રૂપિયા જેટલો અને 5 સભ્યોના પરિવાર માટે દૈનિક માત્ર 20 પૈસા જેટલો જ વધારો છે. વેસ્ટ એશિયા (પશ્ચિમ એશિયા)ના તણાવને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે તેલ-ગેસના ભાવ વધવા છતાં, ભારતીય પરિવારો વિશ્વમાં સૌથી ઓછી કિંમતે રાંધણ ગેસ મેળવી રહ્યા છે.'





પ્રવીણ મલ ખનૂજાએ વિગત આપતા જણાવ્યું કે, 'ફેબ્રુઆરીના અંતમાં પશ્ચિમ એશિયામાં યુદ્ધ શરૂ થયા બાદ આંતરરાષ્ટ્રીય કિંમતો ખૂબ વધી ગઈ છે, જેનાથી સ્થાનિક એલપીજી સિલિન્ડરની સપ્લાય કોસ્ટ (પડતર કિંમત) વધીને 1,600 રૂપિયાથી વધુ થઈ ગઈ છે. ભારતમાં એલપીજી આયાતનો ખર્ચ 'સાઉદી કોન્ટ્રેક્ટ પ્રાઈસ'પર આધારિત છે, જેમાં ફેબ્રુઆરી પછી આશરે 46%નો ઉછાળો આવ્યો છે, કારણ કે હોર્મુઝ સ્ટ્રેટના અવરોધોને કારણે ખાડી દેશોમાંથી સપ્લાય ઘટી છે.

સરકારે 2022થી અત્યાર સુધીમાં 52,000 કરોડ રૂપિયાની સબસિડી આપી છે. ભાવવધારા છતાં, ઓઈલ કંપનીઓને દર 14.2-kgના સિલિન્ડર પર આશરે 700 રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. આ સિવાય કંપનીઓને પેટ્રોલ પર પ્રતિ લીટર 6 રૂપિયા અને ડીઝલ પર આશરે 30 રૂપિયાનું નુકસાન (અંડર-રિકવરી) થઈ રહ્યું છે. ઓઈલ કંપનીઓને રોજનું કુલ 600-700 કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું હોવાથી કિંમતો વધારવી પડી છે. કંપનીઓએ ગયા મહિને 4 હપ્તામાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ પ્રતિ લીટર આશરે 7.50 રૂપિયા અને સીએનજી માં પ્રતિ કિલોગ્રામ 6 રૂપિયાનો વધારો કર્યો છે.'

### તૃણમૂલમાં ભંગાણથી NDAને લોટરી

# લોકસભામાં ૩૦૦ પાર જતો રહેશે આંકડો, સમજો સમીકરણ

**તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક વિખવાદના કારણે સંસદમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની સ્થિતિ ખૂબ જ મજબૂત બની શકે છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૦૯**

મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક વિખવાદના કારણે સંસદમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની સ્થિતિ ખૂબ જ મજબૂત બની શકે છે. આ રાજકીય ઉથલપાથલના કારણે કેન્દ્ર સરકાર માટે આગામી સમયમાં પરિસીમન અને મહિલા અનામત જેવા અત્યંત મહત્ત્વપૂર્ણ બિલ લોકસભામાં પસાર કરાવવાનો રસ્તો સ્પષ્ટ થઈ જશે. જુલાઈ મહિનાના ત્રીજા અઠવાડિયામાં સંસદનું ચોમાસુ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, સરકાર ફરી એકવાર પરિસીમન બિલ સંસદમાં રજૂ કરી શકે છે. આ બિલ એપ્રિલ મહિનામાં સંસદમાં પસાર થઈ શક્યું ન હતું, કારણ કે તે સમયે સરકાર પાસે તેને પાસ કરાવવા માટે જરૂરી બે-તૃતીયાંશ (૨/૩) બહુમતી નહોતી.

પરિસીમન બિલ અથવા બંધારણ (૧૩૧ મો સુધારો) બિલ ૨૦૨૬ની સાથે મહિલા અનામત બંધારણીય સુધારા બિલને પણ જોડવામાં આવ્યું હતું. પરંતુ પૂરતી બહુમતી ન હોવાને કારણે બંને બિલ અટકી ગયા હતા. હવે તૃણમૂલ કોંગ્રેસમાં બળવાના સૂર એનડીએ માટે ફાયદાનો સોદો સાબિત થઈ રહ્યા છે.

લોકસભામાં હાલ તૃણમૂલીના ૨૯ સાંસદો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, કાકોલી ઘોષ દસ્તીદારના નેતૃત્વમાં આમાંથી આશરે ૨૦ સાંસદો એક અલગ જૂથ બનાવવા અને એનડીએ સરકારને ટેકો આપવા માટે તૈયાર છે. આંકડાની દૃષ્ટિએ જોઈએ તો, ૫૪૩ સભ્યોની કુલ સંખ્યા ધરાવતી લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવાનો આંકડો ૩૬૨ થાય છે.

**લોકસભાનું વર્તમાન સમીકરણ અને નવો આંકડો**

હાલમાં બસીરહાટ, શિલોંગ અને નૌગોંગ બેઠકો હાલના સાંસદોના અવસાનના કારણે ખાલી પડી છે, જેથી લોકસભાનો પ્રભાવી આંકડો ઘટીને ૩૬૦ થઈ ગયો છે.

બીજી તરફ, તમિલનાડુમાં વિજયની સરકારને કોંગ્રેસે સમર્થન આપ્યા બાદ ડીએમકે પક્ષ ખૂબ નારાજ છે. ચર્ચા છે કે ડીએમકે કેટલાક ખાસ મુદ્દાઓ પર એનડીએને સમર્થન આપી શકે છે. જો ડીએમકેના ૨૨ સાંસદો ઉમેરાય, તો આ સંખ્યા ૩૩૫ પર પહોંચી જશે.

એવા પણ અહેવાલો છે કે ભાજપની નજર ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના ૯ સાંસદો પર છે, જેમાંથી આશરે ૬ સાંસદો એનડીએ સાથે આવી શકે છે, જેનાથી આંકડો ૩૪૧ સુધી પહોંચશે. એપ્રિલમાં જ્યારે બિલ પર વોટિંગ થયું ત્યારે બિલની તરફેણમાં ૨૯૮ વોટ પડ્યા હતા. જો આમાં અન્ય ૫ વધારાના મતો ઉમેરવામાં આવે તો કુલ આંકડો ૩૪૮ સુધી પહોંચી જાય છે, જે બે-તૃતીયાંશ બહુમતી(૩૬૦ના આધારે) કરતાં માત્ર ૧૨ બેઠક દૂર રહેશે. સરકારને આશા છે કે અન્ય નાની પાર્ટીઓ, અપક્ષ સાંસદો અને ક્રોસ-વોટિંગ દ્વારા આ ૧૨ મતોનું અંતર સરળતાથી પૂરું કરી શકાશે.

બંધારણ સુધારા બિલ પસાર કરવા માટે ગૃહના કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા અડધા સભ્યોની હાજરી અનિવાર્ય છે. આ બિલ ત્યારે જ પાસ થઈ શકે જ્યારે ગૃહમાં હાજર રહીને મતદાન કરનારા સભ્યોની બે-તૃતીયાંશ બહુમતી મળે. અગાઉના મતદાન વખતે ગૃહમાં ૫૨૮ સાંસદો જ હાજર હતા, જેથી બે-તૃતીયાંશ બહુમતીનો જરૂરી આંકડો ૩૫૨ થઈ ગયો હતો. જો આ સત્રમાં પણ આવી જ સ્થિતિ સર્જાશે, તો સરકાર માટે બિલ પસાર કરાવવું બિલકુલ મુશ્કેલ નહીં હોય.

લોકસભા ઉપરાંત રાજ્યસભામાં પણ એનડીએ બે-તૃતીયાંશ બહુમતીની ખૂબ નજીક છે. રાજ્યસભામાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવા માટે ૧૬૪ બેઠકોની જરૂર હોય છે, જ્યારે એનડીએ અગાઉથી જ ૧૫૦ બેઠકોનો આંકડો પાર કરી ચૂક્યું છે. તેથી સરકારને ઉપલા ગૃહમાં પણ આ મહત્વકાંક્ષી બિલો પસાર કરાવવામાં કોઈ મોટી સમસ્યા નડશે નહીં.

# પરમાણુ હથિયાર છોડવા તૈયાર છે ઈરાન, અમેરિકા સાથે કરશે ડીલઃ ટ્રમ્પનો સૌથી મોટો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વૉશિંગ્ટન, તા.૦૯**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન પરમાણુ હથિયારો મેળવવાની તેની જીદ છોડવા અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે એક મોટી ડીલ પર હસ્તાક્ષર કરવા તૈયાર થઈ ગયું છે. ટ્રમ્પના મતે, અમેરિકાની સૈન્ય કાર્યવાહીઓએ તેહરાનની સૈન્ય ક્ષમતાઓને પાયમાલ કરી દીધી હોવાથી ઈરાન હવે નમવા મજબૂર બન્યું છે.સાઉથ કેરોલિનાના સેનેટર લિન્ડસે ગ્રેહામ માટે આયોજિત એક વર્ચ્યુઅલ ટેલિ-રેલી દરમિયાન સંબોધન કરતા ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન, ચાલી રહેલી વાટાઘાટો અને મધ્ય-પૂર્વની સુરક્ષા સ્થિતિ પર વિસ્તારપૂર્વક વાત કરી હતી.

**ટ્રમ્પના મતે, અમેરિકાની સૈન્ય કાર્યવાહીઓએ તેહરાનની સૈન્ય ક્ષમતાઓને પાયમાલ કરી દીધી હોવાથી ઈરાન હવે નમવા મજબૂર બન્યું છે**

તેમણે જણાવ્યું કે અમે અત્યારે વાટાઘાટો કરી રહ્યા છીએ અને ઈરાન એક બહુ જ સારી ડીલ કરવા ઈચ્છે છે. તેઓ આપણને બધું જ આપવા માટે તૈયાર છે. તેઓ પરમાણુ હથિયાર ન રાખવાની શરત સ્વીકારવા પણ તૈયાર છે. ઈરાન પાસે પરમાણુ હથિયાર હોઈ જ ન શકે અને આ બાબત બહુ સરળ અને સ્પષ્ટ છે. પોતાની આક્રમક શૈલીમાં બોલતા પ્રમુખ ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે અમેરિકન સૈન્ય કાર્યવાહીએ ઈરાનના સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે. તેમણે ઉમેર્યું કે, અમે તેમના સૈન્યને તોડી પાડ્યું છે. અમે તેમની નેતાગીરી સહિત જે પણ કંઈ બરબાદ થઈ શકે તેમ હતું તે બધું જ નેસ્તનાબૂદ કરી દીધું છે. તેમની નેવી હવે સંપૂર્ણપણે ખતમ થઈ ગઈ છે. તેમની પાસે ૧૫૯ જહાજો હતા અને અત્યારે દરેક જહાજ પાણીની અંદર છે. ટ્રમ્પે આ વાટાઘાટોમાંથી ખૂબ જ સાનુકૂળ પરિણામ આવવાની ભવિષ્યવાણી કરી છે અને કહ્યું છે કે ટૂંક સમયમાં જ સત્તાવાર રીતે વિજયની જાહેરાત થઈ શકે છે. ટ્રમ્પે કહ્યું કે, હું માનું છું કે આપણે આ લડાઈ જીતી રહ્યા છીએ, પરંતુ આગામી ૨ અઠવાડિયામાં જ્યારે આપણે સંપૂર્ણ વિજય જાહેર કરીશું ત્યારે આપણે સાચા અર્થમાં જીતીશું. જે બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો પણ નીચે આવી જશે.

### ૪૪૦૦ પરમાણુ હથિયારો સાથે રશિયા પહેલા નંબરે : સિપરીનો રિપોર્ટ

# ભારત પાસે ૧૯૦ પરમાણુ હથિયારો; એક વર્ષમાં ૧૨નો વધારો કર્યો

**ચીન ૬૨૦ પરમાણુ હથિયારો સાથે દુનિયામાં ત્રીજા ક્રમે, બે વર્ષમાં ૬૦નો ઉમેરો કર્યોઃ પાકિસ્તાન પાસે ૧૭૦નો જથ્થો**

**સિપરીના લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ગ્લોબલી ૯૭૪૫ પરમાણુ હથિયારો લશ્કરી ઉપયોગ માટે તૈયાર રખાયા છે. એમાંથી ૪૦૦૨ પરમાણુ હથિયારો તો મિસાઈલો કે એરક્રાફ્ટ પર પહેલેથી જ તૈનાત થઈ ગયા છે. એ સિવાયનો જથ્થો સ્ટોરેજમાં રખાયો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**સ્ટોકહોમ, તા.૦૯**

ધ સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (સિપરી)ના લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ભારતે એક વર્ષમાં ૧૨ નવા પરમાણુ હથિયારો બનાવ્યા છે અને એ સાથે ભારતના કુલ પરમાણુ હથિયારોની સંખ્યા ૧૯૦ થઈ ગઈ છે. દુનિયામાં હવે નવા પરમાણુ હથિયારોની સ્પર્ધા વધી છે તે બાબતે સિપરીએ ચિંતા વ્યક્ત કરી હતી. પરમાણુ હથિયારો બનાવવાની ટેકનિક વિકસાવી ચૂકેલા નવ દેશોએ સતત પરમાણુ હથિયારોની સંખ્યા વધારવા તરફ ધ્યાન આપ્યું છે.રશિયા-અમેરિકા વચ્ચે પરમાણુ નિયંત્રણ અને પરમાણુ તૈનાતીની સમજૂતી થઈ હતી એ પૂરી થઈ ગઈ છે.

ડોનાલ્ડ ટ્રમ્પે નવેસરથી પરમાણુ નિયંત્રણની સમજૂતી કરી નથી, તેના કારણે હવે બંને દેશો વચ્ચે પરમાણુ હથિયારો વધારવાની સ્પર્ધા નવેસરથી જામશે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટે ચિંતા વ્યક્ત કરી હતી કે હવે દુનિયામાં પરમાણુ હથિયારો વધારવાની હોડ નવેસરથી જામશે. ચીને એક જ વર્ષમાં ૩૪ નવા પરમાણુ હથિયારો બનાવી લીધા છે અને બે વર્ષમાં ૬૦ હથિયારો વધારીને આંકડો ૬૨૦ કર્યો છે. ૬૨૦ પરમાણુ હથિયારો સાથે ચીન દુનિયામાં ત્રીજા ક્રમે છે. રશિયા અને અમેરિકાએ પ્રથમ બે સ્થાન જાળવી રાખ્યા છે. રશિયા પાસે અંદાજે ૪૪૦૦ હથિયારો છે. તો અમેરિકા પાસે ૩૭૦૦ હથિયારો હોવાનો અંદાજ છે. જોકે, ઘણી ખાનગી થિંક ટેંક્સ તો એવોય દાવો કરે છે કે રશિયા પાસે ૬૦૦૦ અને અમેરિકા પાસે ૫૫૦૦થી ૬૦૦૦ પરમાણુ હથિયારો હોઈ શકે છે.૨૯૦ હથિયારો સાથે ફ્રાન્સ ચોથા નંબરે છે. પાંચમા નંબરે રહેલા બ્રિટન પાસે ૨૨૫ પરમાણુ હથિયારો છે. આ યાદીમાં ૧૯૦ પરમાણુ હથિયારો સાથે ભારત છઠ્ઠા ક્રમે છે. સિપરીના કહેવા પ્રમાણે ભારતે એક વર્ષમાં ૧૨ પરમાણુ હથિયારો બનાવ્યા છે. ગત વર્ષે ૧૭૮થી ૧૮૦ હથિયારોનો અંદાજ વ્યક્ત થયો હતો. ભારતે પરમાણુ હથિયારો વધાર્યા તે માટે સિપરીએ ચીન અને પાકિસ્તાનને જવાબદાર ગણાવ્યા હતા. ભારતના બે પાડોશી દેશો ચીન અને પાકિસ્તાન સતત ન્યૂક્લિયર હથિયારો વધારતા હોવાથી પ્રાદેશિક સંતુલન માટે ભારતે પણ પરમાણુ હથિયારો વધાર્યા છે. પાકિસ્તાન આ યાદીમાં સાતમા ક્રમે છે. પાકિસ્તાન પાસે ૧૭૦ પરમાણુ વેપન્સ છે. ઈઝરાયલ ૯૦ હથિયારો ધરાવે છે અને નોર્થ કોરિયા પાસે ૬૦ પરમાણુ હથિયારો હોવાની શક્યતા છે. સિપરીએ નોંધ્યું હતું કે ભારત શાંતિકાળમાં પરમાણુ હથિયારોને બેલાસ્ટિક મિસાઈલોમાં તૈનાત કરે છે અને એ રીતે જવાબી કાર્યવાહી માટે તૈયાર રહેવાનો વ્યૂહ અપનાવે છે. સિપરીના લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ગ્લોબલી ૯૭૪૫ પરમાણુ હથિયારો લશ્કરી ઉપયોગ માટે તૈયાર રખાયા છે. એમાંથી ૪૦૦૨ પરમાણુ હથિયારો તો મિસાઈલો કે એરક્રાફ્ટ પર પહેલેથી જ તૈનાત થઈ ગયા છે. એ સિવાયનો જથ્થો સ્ટોરેજમાં રખાયો છે. સૌથી વધુ હથિયારો તૈનાત રાખવામાં રશિયા અને અમેરિકા આગળ છે.

## CM યોગીની ચેતવણી

# રામનો દ્રોહ કરનારાઓને ધરતી પર જગ્યા નથી, ભારત કોઈ ધર્મશાળા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનઉ, તા.૦૯**

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પ્રભુ શ્રીરામની આલોચના કરનારાઓ અને દેશવિરોધી તત્વો પર આકરા પ્રહારો કર્યા છે. લખનૌમાં આયોજિત ૯ દિવસીય રામકથા મહોત્સવના સમાપન સમારોહમાં રામભક્તોને સંબોધિત કરતા સીએમ યોગીએ બેતૂક શબ્દોમાં કહ્યું કે, જેમના મનમાં ભારત પ્રત્યે આસ્થા અને નિષ્ઠા નથી, તેઓ માટે ભારતની ધરતી ધર્મશાળા હોઈ શકે નહીં. પ્રભુ શ્રીરામ સાથે દ્રોહ કરનારાઓને આ ધરતી પર જગ્યા નથી.

પોતાના સંબોધનમાં સીએમ યોગીએ 'લવ જિહાદ' અને 'લેન્ડ જિહાદ' ના જોખમો સામે સમાજને જાગૃત કરતા જણાવ્યું કે, આ પ્રકારની નકારાત્મક પ્રવૃત્તિઓ વિરુદ્ધ દેશના નાગરિકોએ એકજૂથ થઈને ઊભા રહેવું પડશે. તેમણે ઉમેર્યું કે, દેશને તોડનારી તાકાતો જ્ઞાતિ, ભાષા અને પ્રદેશના નામે સમાજને વિભાજિત કરવાનો પ્રયાસ કરશે, પરંતુ ભારતના સંતોની શક્તિ સમાજને એક તાંતણે બાંધીને દેશને આગળ લઈ જવા માંગે છે.

મુખ્યમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે, પૂર્વાગ્રહથી ગ્રસિત કેટલાક નકારાત્મક નામોને બાદ કરતાં, જેમનામાં પણ ભારતનું ડીએનએ (DNA) છે તે તમામ લોકોએ ભગવાન રામના આદર્શોને પોતાના જીવનનો હિસ્સો બનાવ્યા છે. મર્યાદા પુરુષોત્તમનું નામ ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધીના દરેક ભારતીયને જોડવાની ક્ષમતા ધરાવે છે. સંતોએ શ્રીરામ જન્મભૂમિ આંદોલનને પોતાના જીવન-મરણનો પ્રશ્ન બનાવ્યો હતો, કારણ કે રામ આપણા આદર્શ છે અને રામનામમાં જ દરેક સમસ્યાનું સમાધાન છે.

સુપ્રીમ કોર્ટના વર્ષ ૨૦૧૯ ના ઐતિહાસિક ચુકાદાનો ઉલ્લેખ કરતા સીએમ યોગીએ કહ્યું કે, ૪૯૧ વર્ષ સુધી રામ જન્મભૂમિ આંદોલન ચાલ્યું. સુપ્રીમ કોર્ટના જસ્ટિસે પણ જગદ્ગુરુ સ્વામી રામભદ્રાચાર્યજીના સાક્ષ્યો અને નિવેદનો સાંભળીને સ્વીકાર્યું હતું કે, સનાતન ધર્મીઓ સાથે સેંકડો વર્ષોથી અન્યાય થઈ રહ્યો હતો. તેમણે સંતોની સાધનાને રાષ્ટ્ર કલ્યાણ માટે અનિવાર્ય ગણાવી હતી. જગદ્ગુરુ રામભદ્રાચાર્ય દ્વારા વાચિત આ કથાના સમાપનમાં સીએમ યોગીએ સનાતન સંસ્કૃતિના રક્ષણનો દ્રઢ સંકલ્પ દોહરાવ્યો હતો.

## વિદેશ મંત્રાલયે લગાવી આકરી ફટકાર

# PoKમાં બર્બરતા છુપાવવા પાકિસ્તાન ફેલાવી રહ્યું છે ફેક ન્યૂઝ

### પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી હિંસક કાર્યવાહીના કેટલાક દિવસો બાદ પણ ત્યાં ભારે તણાવની સ્થિતિ બનેલી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૦૯**

ભારતે મંગળવારે પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતાં આરોપ લગાવ્યો છે કે, પાકિસ્તાન પોતાના ગેરકાયદે કબજા હેઠળના કાશ્મીર(PoK)માં થઈ રહેલા માનવાધિકારોના ગંભીર ઉલ્લંઘન પરથી વૈશ્વિક સમુદાયનું ધ્યાન ભટકાવવા માટે મોટા પાયે ફેક ન્યૂઝ (ખોટા સમાચાર) અને ભ્રામક માહિતી ફેલાવી રહ્યું છે. PoKના રાવલકોટમાં પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી હિંસક કાર્યવાહીના કેટલાક દિવસો બાદ પણ ત્યાં ભારે તણાવની સ્થિતિ બનેલી છે.

PoKમાં સર્જાયેલી હિંસક પરિસ્થિતિ અંગે પ્રતિક્રિયા આપતાં ભારતના વિદેશ મંત્રાલય(MEA)ના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, 'ભારતે પાકિસ્તાન તરફથી આવી રહેલા ફેક ન્યૂઝ અને એડિટેડ વીડિયોની એક ચોક્કસ પેટર્ન નોંધી છે. આ પાકિસ્તાન સરકાર અને ત્યાંની સેના દ્વારા પોતાની નિષ્ફળતાઓને છુપાવવા માટેનો એક અત્યંત નિરાશાજનક પ્રયાસ છે.' વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં સ્થાનિક જનતા પર થઈ રહેલા પોલીસ દમનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સત્તાવાર રીતે દાવો કર્યો કે, 'તાજેતરમાં થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન પાકિસ્તાની સેનાની ગોળીબારમાં કેટલાય પ્રદર્શનકારીઓ માર્યા ગયા છે અને અસંખ્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી પોલીસ અને લશ્કરી બર્બરતાના અત્યંત ગંભીર અહેવાલો સામે આવી રહ્યા છે. અમને પૂરી આશા છે કે, આંતરરાષ્ટ્રીય સમુદાય પાકિસ્તાનને તેની આ ક્રૂરતા, અત્યાચારો અને ખોટા કાર્યો માટે વૈશ્વિક સ્તરે ચોક્કસપણે જવાબદાર ઠેરવશે.'

ભારત તરફથી આ આકરું નિવેદન ત્યારે આવ્યું છે, જ્યારે રાવલકોટમાં પાકિસ્તાની સૈન્ય દળો (આસિમ મુનીરના નેતૃત્વ હેઠળની પાક સેના) દ્વારા પ્રદર્શનકારીઓ પર સીધું અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. સત્તાવાર આંકડાઓ મુજબ આ હિંસામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયા છે. જો કે, સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયો અને સ્થાનિક સંગઠનોનો દાવો છે કે, વાસ્તવિક મૃત્યુઆંક આના કરતાં ઘણો વધારે હોઈ શકે છે. જો કે, આ વીડિયોની હજુ સુધી કોઈ સ્વતંત્ર સંસ્થા દ્વારા સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

હાલમાં સમગ્ર PoK વિસ્તાર એક સળગતો જ્વાળામુખી બનેલો છે કારણ કે સ્થાનિક નાગરિકો અને સંગઠનો પાકિસ્તાની વહીવટીતંત્રના શોષણ વિરુદ્ધ એકઠા થઈ રહ્યા છે. પાકિસ્તાની સત્તાધિકારીઓએ ચેતવણી આપી છે કે તેઓ PoKમાં પ્રદર્શનકારીઓ દ્વારા આયોજિત પ્રસ્તાવિત 'લોન્ગ માર્ચ'(Long March)ને કોઈપણ ભોગે અને શક્તિના જોરે રોકી દેશે. બીજી તરફ, આંદોલનના આયોજકોએ પણ પાકિસ્તાની સેના સામે પોતાનું પ્રદર્શન ચાલુ રાખવાનો મક્કમ સંકલ્પ જાહેર કર્યો છે.

## PoKમાં લોહીની નદીઓ વહી!

# પાકિસ્તાની સેનાના ગોળીબારમાં ૩૦થી વધુના મોત, ૨૦૦ ઈજાગ્રસ્ત

### આંદોલનકારીઓનો અવાજ દબાવવા માટે પાકિસ્તાન સરકારે ૫ જૂનની રાતથી જ સમગ્ર PoKમાં ઇન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે ઠપ કરી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળના કાશ્મીર એટલે કે PoKમાં પાકિસ્તાની સેનાનો ક્રૂર ચહેરો ફરી એકવાર દુનિયાની સામે આવ્યો છે. PoKમાં પોતાના હકો માટે શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા નાગરિકો પર પાકિસ્તાન સેનાએ અંધાધુંધ ગોળીબાર કર્યો છે. આ હિંસક કાર્યવાહીમાં ૩૦થી વધુ નિર્દોષ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦થી વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

વાસ્તવમાં, PoKના સૌથી મોટા નાગરિક અધિકાર સંગઠન 'જમ્મુ-કાશ્મીર સંયુક્ત અવામી એક્શન કમેટી' દ્વારા ૯ જૂનના રોજ એક ભવ્ય 'લોન્ગ માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ આંદોલનને કચડી નાખવા માટે પાકિસ્તાનની કઠપૂતળી સરકારે આ સંગઠનને જ 'આતંકવાદી સંગઠન' જાહેર કરીને તેના પર પ્રતિબંધ લગાવી દીધો છે.

છેલ્લા ઘણા મહિનાઓથી 'જમ્મુ-કાશ્મીર સંયુક્ત અવામી એક્શન કમેટી'ના નેતૃત્વમાં PoKની જનતા પાકિસ્તાન સરકાર અને સેના વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવી છે. આ આંદોલનનું મુખ્ય કારણ પાકિસ્તાન દ્વારા અહીંના સ્થાનિક લોકો સાથે કરવામાં આવતું ભેદભાવભર્યું વર્તન છે. PoKના નાગરિકોનો આરોપ છે કે પાકિસ્તાન સરકાર તેમના કુદરતી સંસાધનોનો આડેધડ ઉપયોગ કરીને અબજો રૂપિયા કમાય છે, પરંતુ તેના બદલામાં સ્થાનિક લોકોને માત્ર આર્થિક તબાહી, મોંઘવારી અને ભેદભાવ જ મળે છે. અહીંના લોકોને દ્વિતીય શ્રેણીના નાગરિક ગણીને તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. હાલમાં PoKનું રાજીવકોટ શહેર આ ઉગ્ર વિરોધ પ્રદર્શનનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. પ્રશાસન દ્વારા JAACના કાર્યકરો અને નેતાઓની ધરપકડ શરૂ કરાતા મામલો વધુ બિચક્યો હતો. આંદોલનકારીઓનો અવાજ દબાવવા માટે પાકિસ્તાન સરકારે ૫ જૂનની રાતથી જ સમગ્ર PoKમાં ઈન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે ઠપ કરી દીધી છે, જેથી લોકો એકબીજા સાથે સંપર્ક ન કરી શકે. પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકાર અને આર્મી ચીફ અસીમ મુનીરને આ હિંસાનો અંદાજો પહેલાથી જ હતો. આથી જ સરકારે એક ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરીને પ્રવાસીઓને ૫ જૂનથી ૨૦ જૂન વચ્ચે PoKનો પ્રવાસ ન કરવાની કડક સલાહ આપી દીધી હતી.

PoKમાં આ પ્રકારનો જનઆક્રોશ કોઈ પહેલીવાર જોવા નથી મળ્યો. આ પહેલા વર્ષ ૨૦૨૩માં પણ આવા જ મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા. PoKની જનતા પાકિસ્તાન સરકાર પાસે સબસિડીવાળો ઘઉંનો લોટ અને સસ્તી વીજળી જેવી પાયાની સુવિધાઓ માંગી રહી છે. પાકિસ્તાન સરકારે ભૂતકાળમાં આ વાયદાઓ કર્યા હતા, પરંતુ તે ક્યારેય પૂરા કર્યા નથી. ૨૦૨૩માં પણ જ્યારે જનતાએ અવાજ ઉઠાવ્યો ત્યારે પાકિસ્તાની સુરક્ષા દળો અને પેરામિલિટ્રી ફોર્સે લાઠીચાર્જ, ટીયર ગેસ અને ગોળીબાર કરીને સેંકડો લોકોને જેલમાં ધકેલી દીધા હતા અને કેટલાય લોકોના જીવ લીધા હતા. પાકિસ્તાન સેના અત્યારે પોતાના જ કબ્જા હેઠળના લોકો પર જુલમ ગુજારીને આ વિદ્રોહને દબાવવાનો પ્રયાસ કરી રહી છે.

## લંડનમાં પાકિસ્તાની સેનાના અત્યાચાર અને દમનકારી નીતિઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલી હિંસક સૈન્ય કાર્યવાહી અને દમનકારી નીતિઓ સામે હવે વૈશ્વિક સ્તરે વિરોધ શરૂ થઈ ગયો છે. બ્રિટનમાં રહેતા કાશ્મીરી સમુદાયના લોકો અને માનવાધિકાર કાર્યકરોએ લંડન સહિતના વિવિધ શહેરોમાં પાકિસ્તાનના રાજદ્વારી મિશનો બહાર એકત્રિત થઈને ઉગ્ર પ્રદર્શન કર્યું હતું. લંડન સ્થિત પાકિસ્તાન હાઈ કમિશનની બહાર સેંકડો પ્રદર્શનકારીઓએ પાક સરકાર અને આર્મી વિરુદ્ધ મોરચો ખોલ્યો હતો.

વિરોધ પ્રદર્શન દરમિયાન લંડનની સડકો પાકિસ્તાન વિરોધી નારાઓથી ગુંજી ઉઠી હતી. પ્રદર્શનકારીઓએ 'પાકિસ્તાની આર્મી ગો બેક', 'હમ છીન કર લેંગે આઝાદી', 'યે જો દહેશતગર્દી હૈ, ઈસકે પીછે વર્દી હૈ' અને 'તેરા બાપ ભી દેગા આઝાદી' જેવા આકરા સૂત્રોચ્ચાર કર્યા હતા. લોકોએ આક્ષેપ કર્યો હતો કે PoKમાં નિર્દોષ નાગરિકોની હત્યાઓ થઈ રહી છે, મોટા પાયે ધરપકડ કરવામાં આવી રહી છે અને લોકોનો અવાજ દબાવવા ઈન્ટરનેટસેવાઓ બંધ કરી દેવાઈ છે.

લંડન ઉપરાંત બ્રિટનના અન્ય અગ્રણી શહેરોમાં પણ પાકિસ્તાની દૂતાવાસોની બહાર આવા જ પ્રદર્શનો યોજાયા હતા. પ્રદર્શનકારીઓએ આંતરરાષ્ટ્રીય સમુદાય અને વૈશ્વિક સંસ્થાઓને PoKની ગંભીર સ્થિતિ પર ધ્યાન આપવા અને ત્યાં થઈ રહેલા માનવાધિકાર ઉલ્લંઘનની સ્વતંત્ર તપાસ કરાવવા અપીલ કરી છે. તાજેતરમાં જ PoKમાં સક્રિય સંગઠન 'જોઈન્ટ અવામી એક્શન કમિટી' પર પ્રતિબંધ મુકાયા બાદ લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો છે.

બેઠકોનો વિવાદ: આ ૧૨ બેઠકો એવા શરણાર્થીઓ માટે આરક્ષિત છે જેઓ કાશ્મીરી હોવાનો દાવો કરે છે પરંતુ હાલ પાકિસ્તાનના અન્ય ભાગોમાં રહે છે. સ્થાનિકોનો વિરોધ: JAAC અને સ્થાનિક સંગઠનોનું કહેવું છે કે આ વ્યવસ્થાથી બહારના લોકોનો પ્રભાવ વધશે અને સ્થાનિક કાશ્મીરીઓનું રાજકીય પ્રતિનિધિત્વ નબળું પડશે.

આ ઉપરાંત, PoKના લોકો લાંબા સમયથી અસહ્ય મોંઘવારી, લોડશેડિંગ (વીજળી કટોકટી), બેરોજગારી અને લોટના આસમાને આંબતા ભાવોથી પરેશાન છે. આ વહીવટી નિષ્ફળતાઓને છુપાવવા પાકિસ્તાન સરકાર વાતચીત કરવાને બદલે સેનાના જોરે પ્રદર્શનકારીઓને કચડી રહી છે, જેના પડઘા હવે સાત સમુદ્ર પાર લંડનમાં પણ સંભળાઈ રહ્યા છે.

## સ્પોર્ટ્સ ન્યૂઝ

# ઇન્જરીના કારણે આખેઆખી વનડે સીરિઝ ગુમાવશે વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ લેશે જગ્યા

### પોતાના ૧૮ વર્ષના લાંબા આંતરરાષ્ટ્રીય કરિયરમાં વિરાટ કોહલીએ ઇજાના કારણે ખૂબ જ ઓછી વખત મેચ મિસ કરી હશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯ :** ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આગામી ૧૩ જૂનથી શરૂ થઈ રહેલી ૩ મેચોની વનડે સીરિઝ પહેલા જ ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી હેમસ્ટ્રિંગ ઈન્જરીના કારણે આ આખી વનડે સીરિઝમાંથી બહાર થઈ ગયા છે. વિરાટ કોહલીને આ ઈજા તાજેતરમાં રમાયેલી IPL 2026 દરમિયાન થઈ હતી. સીરિઝની પ્રથમ મેચ ૧૩ જૂને ધર્મશાલાના HPCA સ્ટેડિયમ ખાતે રમાશે, જેમાં હવે કોહલીના સ્થાને યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

પોતાના ૧૮ વર્ષના લાંબા આંતરરાષ્ટ્રીય કરિયરમાં વિરાટ કોહલીએ ઈજાના કારણે ખૂબ જ ઓછી વખત મેચ મિસ કરી હશે. ત્યારે ફેન્સના મનમાં સવાલ થાય કે વિરાટ છેલ્લે ક્યારે ઈજાના કારણે વનડે મેચમાંથી બહાર રહ્યો હતો? આવો જાણીએ તેનો ઈતિહાસ.

અફઘાનિસ્તાન સીરિઝ પહેલા વિરાટ કોહલી છેલ્લા એક વર્ષથી પણ વધુ સમયથી ફિટનેસના કારણે એકપણ મેચમાંથી બહાર રહ્યો નહોતો. વિરાટને ફિટનેસ સંબંધિત છેલ્લી સમસ્યા ફેબ્રુઆરી ૨૦૨૫માં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તે પહેલા, ઈંગ્લેન્ડ સામેની વનડે સીરિઝ દરમિયાન થઈ હતી. નાગપુરમાં રમાયેલી તે વનડે મેચમાં વિરાટ ઘૂંટણની ઈજાના કારણે પ્લેઈંગ XI માંથી બહાર રહ્યો હતો. જોકે, તેની એ ઈજા બહુ ગંભીર ન હોવાથી તે બીજી જ વનડે મેચમાં વાપસી કરવામાં સફળ રહ્યો હતો.

કોહલીના ૧૮ વર્ષના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કરિયરમાં આ પાંચમી કે છઠ્ઠી વાર નથી, પણ તદ્દન પહેલીવાર એવું બન્યું છે જ્યારે તે કોઈ ઈજાના કારણે આખેઆખી વનડે સીરિઝમાંથી બહાર થઈ ગયો હોય. આ પહેલા તે માત્ર સાવચેતીના ભાગરૂપે અથવા તો અંગત કારણોસર જ વનડે મેચોમાંથી બહાર રહ્યો છે. શારીરિક થાક અને વર્કલોડ મેનેજમેન્ટના કારણે તે પોતાના કરિયરમાં માત્ર એક જ વાર કોઈ મોટી ટૂર્નામેન્ટમાંથી હટ્યો હતો. વર્ષ ૨૦૧૮માં રમાયેલા એશિયા કપમાં તેણે આરામ કરવાનો નિર્ણય લીધો હતો. તે એશિયા કપ વનડે ફોર્મેટમાં રમાયો હતો, જ્યાં ભારતે ફાઈનલમાં બાંગ્લાદેશને હરાવીને ખિતાબ જીત્યો હતો.

વિરાટ કોહલી ટેસ્ટ અને ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી પહેલેથી જ નિવૃત્તિ લઈ ચૂક્યો છે, તેથી તે હવે માત્ર આઈપીએલ અને વનડે ફોર્મેટમાં જ રમતો જોવા મળશે. છેલ્લા કેટલાક સમયથી વિરાટ અદભુત ફોર્મમાં ચાલી રહ્યો છે. IPL 2026માં પણ વિરાટના બેટમાંથી રનનો વરસાદ થયો હતો. આ ટૂર્નામેન્ટમાં તે ૧૬ મેચોમાં ૬૭૫ રન બનાવવામાં સફળ રહ્યો હતો. તેણે ગુજરાત ટાઈટન્સ (GT) સામેની ફાઈનલ મેચમાં પણ અણનમ ૭૫ રનની મેચ વિનિંગ ઈનિંગ્સ રમીને પોતાની ટીમને ચેમ્પિયન બનાવી હતી.

## કેપ્ટન-કોચ બંને પદ ગુમાવશે

# પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં ધરમૂળથી ફેરફારની તૈયારી

### PCB હવે મુખ્ય કોચના પદ માટે પાકિસ્તાનના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન મોહમ્મદ યુનુસના સંપર્કમાં છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૦૯ :** બાંગ્લાદેશ સામે ઘરઆંગણે રમાયેલી ટેસ્ટ શ્રેણીમાં ૦-૨થી મળેલી શરમજનક હાર બાદ પાકિસ્તાન ક્રિકેટમાં મોટો રાજકીય અને વહીવટી ભૂકંપ આવવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. પાકિસ્તાની મીડિયા અહેવાલો અનુસાર, ટીમની આ કારમી હાર બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસિન નકવી ભારે નારાજ છે અને તેઓ ટીમમાં વ્યાપક ફેરફારો કરવા અંગે ગંભીરતાથી વિચારણા કરી રહ્યા છે. આ મોટા ફેરફારો અંતર્ગત ટેસ્ટ કેપ્ટન શાન મસૂદ અને મુખ્ય કોચ સરફરાઝ અહેમદની ગમે ત્યારે હકાલપટ્ટી થઈ શકે છે. એટલું જ નહીં, મુખ્ય પસંદગીકારના પદ સહિત બોર્ડના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વિભાગમાં પણ મોટા ફેરબદલની અટકળો તેજ બની છે.

વર્ષ ૨૦૧૭માં પોતાની કપ્તાની હેઠળ પાકિસ્તાનને આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીતાડનાર પૂર્વ વિકેટકીપર સરફરાઝ અહેમદને આ શ્રેણી પહેલાં જ ટેસ્ટ ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, તેમના કાર્યકાળની શરૂઆત અત્યંત નિરાશાજનક રહી છે. અહેવાલો મુજબ, સરફરાઝને મુખ્ય કોચના પદ પરથી હટાવીને ફરીથી અન્ડર-૧૯ અને પાકિસ્તાન 'એ' ટીમના સંચાલનની જવાબદારી સોંપવાનો પ્રસ્તાવ વિચારાધીન છે.

બીજી તરફ, PCB હવે મુખ્ય કોચના પદ માટે પાકિસ્તાનના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન મોહમ્મદ યુનુસના સંપર્કમાં છે. જોકે, ક્રિકેટ બોર્ડ અને મોહમ્મદ યુનુસ વચ્ચે પ્રાથમિક ચર્ચા ચાલી રહી છે, પરંતુ યુનુસે આ જવાબદારી સ્વીકારતા પહેલાં બોર્ડ સમક્ષ કેટલીક કડક શરતો મૂકી હોવાનું કહેવાય છે. બાંગ્લાદેશ સામેની શ્રેણીમાં કપ્તાની અને બેટિંગ બંને મોરચે ફ્લોપ સાબિત થયેલા શાન મસૂદનું કેપ્ટન પદ પણ હવે જોખમમાં છે. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર શાન મસૂદે વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ સામેની આગામી મહત્ત્વની શ્રેણીઓને ધ્યાનમાં રાખીને બોર્ડ પાસે પોતાની જાતને સાબિત કરવા માટે થોડો વધુ સમય માંગ્યો છે, પરંતુ PCBના વલણને જોતા તેમનું કેપ્ટન તરીકે બચવું મુશ્કેલ લાગી રહ્યું છે.

નવા મુખ્ય પસંદગીકાર અથવા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વિભાગના વડાના પદ માટે PCBએ પૂર્વ ઓલરાઉન્ડર મોહમ્મદ હફીઝનો સંપર્ક સાધ્યો છે. રસપ્રદ વાત એ છે કે, હફીઝ લાંબા સમયથી પાકિસ્તાની ટીમની નબળી રમત અને બોર્ડની નબળી વહીવટી કામગીરી અંગે ટીવી ચેનલો પર ખુલ્લેઆમ આકરી ટીકા કરતા રહ્યા છે. આવી સ્થિતિમાં બોર્ડ દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવતા પાકિસ્તાની ક્રિકેટ ગલીઓમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે. હાલમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ તરફથી આ ફેરફારો અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ આગામી દિવસોમાં મોહમ્મદ યુનુસ અને મોહમ્મદ હફીઝ સાથેની બેઠક બાદ પાકિસ્તાન ક્રિકેટનું આખું માળખું બદલાઈ જાય તેવી પૂરેપૂરી શક્યતાઓ છે.

# અદાણી એનર્જી સોલ્યુશન્સ ભારતની સૌથી મોટી સ્માર્ટ મીટર કંપનીમાંની એક ઈન્ટેલી સ્માર્ટ હસ્તગત કરશે

### આ સંપાદનથી દેશના સૌથી મોટા સ્માર્ટ મીટરિંગ પ્લેટફોર્મ અદાણી એનર્જી સોલ્યુશન્સની ક્ષમતા વધશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૦૯**

ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન કંપની અને ભારતની અગ્રણી ઊર્જા ઉપાયો પુરા પાડતી કંપનીમાંની એક અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.એ નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ(NIIF) અને એનર્જી એફિશિયન્સી સર્વિસીસ લિ. વચ્ચેનું અગ્રણી સ્માર્ટ મીટરિંગ માટેના સંયુક્ત સાહસ ઈન્ટેલીસ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.માં ૧૦૦% ઈક્વિટી હિસ્સો હસ્તગત કરવા માટે બંધનકર્તા સિક્યોરિટીઝ ખરીદી અને સબસ્ક્રિપ્શન કરાર કર્યો છે. પ્રસ્તાવિત આ સંપાદન ૪.૭ કરોડથી વધુ સ્માર્ટ મીટર સાથે ભારતના સૌથી મોટા સ્માર્ટ મીટરિંગ પ્લેટફોર્મ તરીકે અદાણી એનર્જી સોલ્યુશન્સની ક્ષમતાને મજબૂત બનાવશે.

રૂા.૩,૦૫૦ કરોડના સૂચિત વ્યવહારમાં ઈન્ટેલીસ્માર્ટની ૧૦૦% ઈક્વિટી શેર મૂડીનું સંપાદન અને NIIF દ્વારા રાખવામાં આવેલા ઈન્ટેલીસ્માર્ટના વૈકલ્પિક કન્વર્ટિબલ ડિબેન્ચર્સનું રિડેમ્પશન શામેલ છે. આ વ્યવહાર નિયમનકારી અને અન્ય આવશ્યક મંજૂરીઓને આધીન છે.

ભારતના સ્માર્ટ મીટર અસ્કયામતોના અગ્રણી માલિકો અને ઓપરેટરોમાંની ઈન્ટેલીસ્માર્ટનો કુલ પોર્ટફોલિયો ઉત્તર પ્રદેશ, ગુજરાત, મધ્ય પ્રદેશ, બિહાર અને આસામમાં મળીને ૨.૨ કરોડ મીટરનો છે. ઉચ્ચ-વૃદ્ધિ ધરાવતા ગ્રાહક બજારોમાં ઈન્ટેલીસ્માર્ટની મોજુદગી ભવિષ્યના વિસ્તરણ માટે મજબૂત માર્ગ પૂરો પાડે છે.

અદાણી એનર્જી સોલ્યુશન્સના સીઈઓ કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, ઈન્ટેલીસ્માર્ટનું સંપાદન કંપનીના સ્કેલ અને અમલીકરણની ક્ષમતાઓમાં વધારો કરવા સાથે ટેક્નોલોજી-આધારિત સોલ્યુશન્સ દ્વારા ભારતના વીજ વિતરણ ક્ષેત્રમાં આધુનિકીકરણને ટેકો આપવા અમોને સક્ષમ બનાવે છે.

આ સંપાદન કંપનીની ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક બંને તકો મારફત મૂલ્ય-વૃદ્ધિને અનુસરવાની વ્યૂહરચના સાથે સુસંગત છે. આ સંપાદન સ્માર્ટ મીટરીંગના કામકાજ તેનું અર્થતંત્ર, અને જાળવણી માટેના ખર્ચની અનુકૂળતા અને કંપનીના વ્યાપક ઊર્જા અને માળખાગત પ્લેટફોર્મ વચ્ચે એકીકરણ દ્વારા તાલમેલ સાધે તેવી અપેક્ષા છે.

ઈન્ટેલીસ્માર્ટના મેનેજીંગ ડિરેક્ટર અને સીઈઓ અનિલ રાવલે ઈન્ટેલીસ્માર્ટને આ સીમાચિહ્નરૂપ વ્યવહારનો ભાગ બનવાનો ગર્વ હોવાનું જણાવી કહ્યું હતું કે, કંપનીએ તેના હિસ્સેદારો માટે મૂલ્ય વર્ધન કર્યું છે. શ્રી રાવલે અપેક્ષા વ્યક્ત કરી હતી કે પહેલાથી જ દેશની સમગ્ર વીજના મૂલ્યની શ્રેણીમાં પરિવર્તનના મુખ્ય ચાલક તરીકે ઉભરી રહેલી અમારી કંપનીમાં આ સિદ્ધિ વધુ રોકાણોને ઉત્પ્રેરિત કરી વીજ વિતરણ ક્ષેત્રના ડિજિટલાઈઝેશનને વેગ આપશે.

NIIFના મેનેજિંગ પાર્ટનર વિનોદ ગિરીએ જણાવ્યું હતું કે, દેશના અગ્રણી સ્માર્ટ મીટરિંગ પ્લેટફોર્મમાંના એકમાં ઈન્ટેલીસ્માર્ટની ઉત્ક્રાંતિ રાષ્ટ્રીય મહત્વના ઉભરતા ક્ષેત્રોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યવસાયોનું નિર્માણ અને તેને એક ચોક્કસ કક્ષાએ લઈ જવાની NIIFની ક્ષમતા દર્શાવે છે. તેમણે કહ્યું કે, NIIF માટે આ સોદો ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અમારી વ્યૂહરચનામાં એક મહત્વનું સીમાચિહ્ન છે અને ભારતમાં ઉદ્યોગ-અગ્રણી પ્લેટફોર્મ બનાવવા માટેની અમારી પ્રતિબદ્ધતાને વધુ સક્ષમ બનાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, ઈન્ટેલીસ્માર્ટ જેમ જેમ તેના વિકાસના આગલા તબક્કામાં પ્રવેશી રહ્યું છે, તેમ તેમ આ એક્ઝિટ ભારતના ડિજિટલ અને ઉર્જા સંક્રમણમાં સંસ્થાકીય મૂડીને ઉત્પ્રેરિત કરવાનું ચાલુ રાખીને મૂલ્યને અનલૉક કરવામાં અમને સક્ષમ બનાવે છે.

એનર્જી એફિશીયન્સી સર્વિસીઝ લિ.(EESL) ના સી.ઇ.ઓ શ્રી અખિલેશ દિક્ષિતે જણાવ્યું હતું કે, ભારતના વીજ ક્ષેત્રમાં ઉર્જા કાર્યક્ષમતા અને ડિજિટલ પરિવર્તનને સક્ષમ કરવા માટે કંપની પ્રતિબદ્ધ છે. સ્માર્ટ મીટરિંગ ઈકોસિસ્ટમમાં ઈન્ટેલીસ્માર્ટના યોગદાન પર ગૌરવ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, આ સોદો ડિસ્કોમ અને ગ્રાહકોને મોટા પાયે સેવા આપવાની તેની ક્ષમતાને વધુ મજબૂત બનાવશે એવું અમે માનીએ છીએ.

આ સોદા માટે અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.ના કાનૂની સલાહકાર તરીકે સિરિલ અમરચંદ મંગળદાસ હતા. જ્યારે વિક્રેતાઓના કાનૂની સલાહકાર તરીકે તલવાર ઠાકોર એન્ડ એસોસિએટ્સ હતા. ડેલોઈટ ટાઉચે તોહમત્સુ ઈન્ડિયાએ વિક્રેતાઓના વિશિષ્ટ વ્યવહાર સલાહકાર તરીકે કામ કર્યું હતું.

# ફિલિપાઈન્સમાં છેલ્લા ૫૦ વર્ષનો સૌથી શક્તિશાળી ભૂકંપ

## કાટમાળ નીચે હજુ પણ લોકો દબાયા હોવાની આશંકા વચ્ચે બચાવકર્મીઓ મંગળવારે પણ ધરાશાયી થયેલી ઇમારતોમાં સઘન શોધખોળ ચલાવી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મનિલા, તા.૦૯**

દક્ષિણ ફિલિપાઈન્સમાં સોમવારે સવારે આવેલા ભયાનક ભૂકંપે ભારે તબાહી મચાવી છે. રિક્ટર સ્કેલ પર ૭.૮ની તીવ્રતા ધરાવતા આ શક્તિશાળી ભૂકંપના કારણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૭ લોકોના મોત થયા છે અને ૫૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ આપત્તિના કારણે ૨૦,૦૦૦થી વધુ લોકો બેઘર બન્યા છે, જેમને ઈમરજન્સી આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. સરકારી રેકોર્ડ મુજબ હાલમાં માત્ર ૪ લોકો જ ગુમ છે, પરંતુ કાટમાળ નીચે હજુ પણ લોકો દબાયા હોવાની આશંકા વચ્ચે બચાવકર્મીઓ મંગળવારે પણ ધરાશાયી થયેલી ઈમારતોમાં સઘન શોધખોળ ચલાવી રહ્યા છે.

ભૂકંપનું કેન્દ્રબિંદુ ફિલિપાઈન્સના બીજા સૌથી વધુ વસ્તી ધરાવતા ટાપુ મિંડાનનની દરિયાઈ સરહદમાં હતું. તીવ્ર આંચકાના કારણે દરિયામાં ૧.૪ મીટર (૪.૬ ફૂટ) ઊંચા મોજા ઉછળતા લોકોમાં સુનામીનો ફફડાટ ફેલાયો હતો. જોકે, સુનામીના કારણે માત્ર એક દરિયાકાંઠાના ગામમાં છ ઝૂંપડાઓને જ નુકસાન થયું છે, જ્યારે તેના નાના મોજા ઈન્ડોનેશિયા અને દક્ષિણ જાપાન સુધી પહોંચ્યા હતા. સૌથી વધુ તબાહી ભૂસ્ખલન અને ઈમારતો પડવાના કારણે થઈ છે. ફિલિપાઈન્સની 'ટુના કેપિટલ' તરીકે ઓળખાતા જનરલ સેન્ટોસ શહેરમાં કાટમાળ પડવાથી ૧૩ લોકોના મોત થયા છે, જ્યારે સારાંગાની પ્રાંતના પહાડી નગરમાં ભૂસ્ખલન થતાં અનેક મકાનો દબાઈ ગયા હતા, જેમાં ૧૮ લોકોએ જીવ ગુમાવ્યો છે.

આ ભૂકંપ એવા સમયે આવ્યો જ્યારે બે મહિનાના ઉનાળુ વેકેશન પછી શાળાઓનો પહેલો જ દિવસ હતો. સવારની ધ્વજવંદન સભા માટે ઉત્સાહભેર એકઠા થયેલા માસૂમ વિદ્યાર્થીઓ આ આફતમાં મોટી સંખ્યામાં ઈજાગ્રસ્ત થયા છે. પ્રારંભિક સરકારી આંકડા મુજબ, આશરે ૨,૦૦૦ મકાનો અને ૧૧૭ સરકારી ઈમારતોને નુકસાન થયું છે. જનરલ સેન્ટોસનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે, જેના કારણે ૬૩ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. પ્રશાસને જણાવ્યું છે કે, અંદાજે ૬,૦૦૦ સરકારી શાળાની ઈમારતોની તપાસ કર્યા વગર શાળાઓ ફરી શરૂ કરી શકાય તેમ નથી, કારણ કે આફ્ટરશોક્સ (ભૂકંપ પછીના નાના આંચકા)ના કારણે તિરાડો પડેલી ઈમારતો ગમે ત્યારે તૂટી પડવાનું જોખમ છે.

કોટાબેટો ટ્રેન્ચમાં થયેલી હલચલને કારણે આ ભૂકંપ આવ્યો હતો અને તે ૧૯૭૬ પછીનો દેશનો સૌથી શક્તિશાળી ભૂકંપ છે. અગાઉ ૧૭ ઓગસ્ટ, ૧૯૭૬ના રોજ આ જ વિસ્તારમાં ૮.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનાથી સર્જાયેલી વિનાશક સુનામીમાં ૮,૦૦૦ લોકોના મોત થયા હતા. આ સિવાય ૧૯૯૦માં પણ ૭.૮ની તીવ્રતાના ભૂકંપે ઉત્તરીય પ્રાંતોમાં ૧,૦૦૦થી વધુ લોકોનો ભોગ લીધો હતો. આ ભયાનક આપત્તિને જોતા રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે મનિલાથી ઉચ્ચ સંરક્ષણ અધિકારીઓને રાહત સામગ્રી અને બચાવ કામગીરી પર દેખરેખ રાખવા માટે રવાના કર્યા છે.

આ મુશ્કેલ સમયમાં અમેરિકા, ફ્રાન્સ, જાપાન અને ન્યુઝીલેન્ડ જેવા દેશોએ ફિલિપાઈન્સને મદદ કરવાની તૈયારી દર્શાવી છે.

ભૌગોલિક દ્રષ્ટિએ ફિલિપાઈન્સ પ્રશાંત મહાસાગરના 'રિંગ ઓફ ફાયર' પર આવેલું હોવાથી ત્યાં વારંવાર ધરતીકંપ અને જ્વાળામુખી વિસ્ફોટ જેવી ઘટનાઓ બનતી રહે છે. આ ઉપરાંત, આ ટાપુ સમૂહ દર વર્ષે આશરે ૨૦ જેટલા ભયાનક વાવાઝોડા અને દરિયાઈ તોફાનોનો સામનો કરે છે, જે તેને વિશ્વના સૌથી વધુ આપત્તિ-સંભવિત દેશોમાંથી એક બનાવે છે.

# ઈરાન સાથેની શાંતિ ડીલ પહેલાં જ લેબેનોન પર ઝીંક્યા બોમ્બ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યાં એક તરફ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સીધા યુદ્ધને રોકવા માટે એક મોટા કરારના અંતિમ તબક્કામાં હોવાનો દાવો કરી રહ્યા છે, ત્યાં બીજી તરફ ઈઝરાયલના પીએમ નેતન્યાહૂના એક આક્રમક પગલાએ આખી શાંતિ પ્રક્રિયા પર સવાલો ઊભા કરી દીધા છે. ઈરાન સાથે પરદા પાછળ ચાલી રહેલી વાતચીત અને સામસામે હુમલા રોકવાના પ્રયાસો વચ્ચે, ઈઝરાયલી વાયુસેનાએ અચાનક લેબેનૉનના દક્ષિણ ભાગો પર ભીષણ હવાઈ હુમલા શરૂ કરી દીધા છે. આ સૈન્ય કાર્યવાહી બાદ વૈશ્વિક સ્તરે એ ચર્ચા તેજ થઈ છે કે શું નેતન્યાહૂ ફરી એકવાર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શાંતિ વ્યૂહનીતિના એજન્ડાને બગાડવાના માર્ગે ચાલી રહ્યા છે.

આ સમગ્ર વિવાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એ નિવેદન સાથે જોડાયેલો છે, જેમાં તેમણે દાવો કર્યો હતો કે તેઓ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના તણાવને કાયમી ધોરણે પૂરો કરવા માટે ઐતિહાસિક કરારની ખૂબ નજીક છે. અમેરિકાની મધ્યસ્થતાને કારણે જ છેલ્લા કેટલાક દિવસોથી બંને દેશોએ એકબીજાની મુખ્ય ધરતી પર સીધા મિસાઈલ હુમલા બંધ કર્યા હતા. પરંતુ આ કરાર ફાઈનલ થાય તે પહેલા જ ઈરાને ખૂબ કડક ચેતવણી આપી દીધી છે.

તેહરાને સત્તાવાર રીતે જણાવ્યું છે કે, જો ઈઝરાયલ દક્ષિણ લેબેનૉનમાં પોતાની આક્રમકતા ચાલુ રાખશે, તો ઈરાન ચૂપ નહીં બેસે અને ઈઝરાયલે તેનાથી પણ વધુ વિનાશક સૈન્ય કાર્યવાહીનો સામનો કરવો પડશે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે લેબેનૉન અને હિઝબુલ્લાહની સુરક્ષા તેની પોતાની સંપ્રભુતા જેટલી જ મહત્ત્વની છે.

ઈરાનની સીધી ધમકી બાદ પણ ઈઝરાયલના પીએમ નેતન્યાહૂ અને તેમના સંરક્ષણ મંત્રીનું વલણ અત્યંત કડક રહ્યું છે. ઈઝરાયલી સત્તાધીશોએ અમેરિકાના દબાણ અને ઈરાનની ચેતવણી બંનેને ફગાવી દેતાં સ્પષ્ટ કર્યું છે કે તેઓ દક્ષિણ લેબેનૉનમાં હિઝબુલ્લાહના આતંકવાદી માળખાને નષ્ટ કરવાનું અભિયાન કોઈ પણ સંજોગોમાં રોકશે નહીં.

જોકે, તેમણે બેરૂતના રહેણાંક વિસ્તારો માટે એક નવો નિયમ રાખ્યો છે કે જો હિઝબુલ્લાહ ઈઝરાયલી સરહદ પર રોકેટ હુમલા કરશે તો જ તેઓ બેરૂત પર બોમ્બમારો કરશે. રક્ષણ નિષ્ણાતોના મતે, નેતન્યાહૂ એ સંદેશ આપવા માંગે છે કે ઈઝરાયલની સુરક્ષાના નિર્ણયો વોશિંગ્ટનના કૂટનીતિક ટાઈમટેબલ મુજબ નહીં, પરંતુ તેમની પોતાની સૈન્ય પ્રાથમિકતાઓના આધારે લેવાશે.

લેબેનૉનની જમીન પર ઈઝરાયલી બોમ્બમારો સતત વિનાશ વેરતો જોવા મળી રહ્યો છે. લેબેનૉનની નેશનલ ન્યૂઝ એજન્સી(NNA)ના અહેવાલ મુજબ, દક્ષિણ લેબેનૉનમાં થયેલા તાજેતરના હવાઈ અને ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા ૪ લોકોના મોત થયા છે.

આ ઉપરાંત, ઈઝરાયલી તોપખાના અને વાયુસેનાએ નબાતિયા, કફરસિર, સિર અલ-ઘરબિયા અને જેબચિત જેવા મહત્ત્વના શહેરો પર પણ ભારે ગોળાબારૂદ ફેંક્યો છે, જેના કારણે સરહદી વિસ્તારોમાં રહેતા હજારો નાગરિકો સુરક્ષિત સ્થળોએ હિજરત કરવા મજબૂર બન્યા છે.

વર્તમાન પરિસ્થિતિ જોતાં સ્પષ્ટ થાય છે કે મિડલ ઈસ્ટમાં હાલમાં કોઈ સત્તાવાર સીઝફાયર લાગુ નથી. અત્યારે જે સૈન્ય કાર્યવાહી થઈ રહી છે તે વાસ્તવમાં બેકચેનલ રાજકીય વાટાઘાટોનો જ એક ભાગ છે, જ્યાં બંને પક્ષો કરારની ટેબલ પર પોતાને મજબૂત સાબિત કરવા માટે જમીન પર લશ્કરી દબાણનો ઉપયોગ કરી રહ્યા છે. આ સમગ્ર કટોકટીમાં ટ્રમ્પ પ્રશાસનની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની હતી, જેમણે થોડા સમય માટે આ તણાવ ઓછો કર્યો હતો. પરંતુ નેતન્યાહૂ દ્વારા લેબેનૉનમાં સતત કરવામાં આવી રહેલી બોમ્બબારીએ ટ્રમ્પની આ સફળતાને જોખમમાં મૂકી દીધી છે. જો લેબેનૉનમાં નાગરિકોના મોતનો સિલસિલો ચાલુ રહેશે અને હિઝબુલ્લાહ કે ઈરાને મોટો પલટવાર કર્યો, તો ટ્રમ્પની 'ઈરાન-ઈઝરાયલ ડીલ' પૂર્ણ થાય તે પહેલા જ મલબામાં ફેરવાઈ શકે છે.

# બોલિવૂડ એક્ટર જાવેદ જાફરીની પત્ની સાથે ૧૬.૨૪ કરોડની છેતરપિંડી!

## રોકાણકારોનો વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ સરકારી રજીસ્ટ્રેશનના નકલી અને બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૯**

મુંબઈના પોશ વિસ્તાર ગણાતા બાંદરામાં એક રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના નામે બોલીવૂડ અભિનેતા જાવેદ જાફરીની પત્ની હબીબા જાફરી સાથે ૧૬.૨૪ કરોડ રૂપિયાની મોટી છેતરપિંડી થઈ હોવાનો સનસનાટીપૂર્ણ મામલો સામે આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસમાં બૃહમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કે-નોર્થ વોર્ડના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર મહેશ પાટીલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. પાટીલની સસ્પેન્શન ઓર્ડર ૫ જૂનના રોજ જારી કરવામાં આવ્યો હતો અને ૭ જૂન, રવિવારના રોજ તેમને બજાવવામાં આવ્યો છે. આ મામલે હબીબા જાફરીની ફરિયાદના આધારે ખાર પોલીસ સ્ટેશનમાં મહેશ પાટીલ સહિત ૫ અન્ય લોકો સામે ગુનાહિત કાવતરું અને છેતરપિંડીની એફઆઈઆર નોંધવામાં આવી છે.

પોલીસે આ કેસમાં કાર્યવાહી કરતા બિઝનેસમેન નિશિત પટેલની ધરપકડ કરી લીધી છે અને કોર્ટે તેને ૧૯ મે સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. હબીબા જાફરીએ પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે, તેઓ સૌપ્રથમવાર મહેશ પાટીલને બીએમસીની ઓફિસમાં જ મળ્યા હતા. ત્યાં આ સરકારી અધિકારીએ તેમને બાંદરાના એક રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ વિશે માહિતી આપી હતી અને તેને કમાણીની એક શાનદાર તક ગણાવીને રોકાણ કરવા માટે લલચાવ્યા હતા. પાટીલે હબીબાને સલાહ આપી હતી કે આ પ્રોજેક્ટમાં તમામ રોકાણ બિઝનેસમેન નિશિત પટેલ દ્વારા કરવામાં આવે.

ફરિયાદ અનુસાર, રોકાણકારોનો વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ સરકારી રજીસ્ટ્રેશનના નકલી અને બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા. આ નકલી કાગળોને અસલી તરીકે બતાવીને હબીબા જાફરી, જાવેદ જાફરી અને તેમના સંબંધી નાવેદ જાફરી સહિતના અન્ય લોકોને પ્રોજેક્ટમાં નાણાં રોકવા માટે રાજી કરવામાં આવ્યા હતા.

આરોપીઓએ તમામ રોકાણકારો પાસેથી ચેક, રોકડા રૂપિયા, વિદેશી કરન્સી અને અત્યંત મોંઘી લક્ઝરી ઘડિયાળોના સ્વરૂપમાં કુલ ૬.૨૪ કરોડ પડાવી લીધા હતા અને ત્યારબાદ છેતરપિંડી આચરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ બાંદરા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં "ખોટી રીતે રોકાણ" કરવાના આરોપોને કારણે ગત વર્ષે નવેમ્બરમાં મહેશ પાટીલને એક મહિના માટે ફરજિયાત રજા પર ઉતારી દેવામાં આવ્યા હતા. જોકે, તે સમયે તેમણે પોતાની સામેના તમામ આરોપોને નકારી કાઢ્યા હતા.

તાજેતરમાં જ્યારે હબીબા જાફરીને આ આખી છેતરપિંડીની જાણ થઈ, ત્યારે તેમણે ખાર પોલીસનો સંપર્ક કર્યો હતો. હાલમાં આસિસ્ટન્ટ કમિશનર મહેશ પાટીલના સસ્પેન્શન અને નિશિત પટેલની ધરપકડ બાદ મુંબઈ પોલીસ આ કરોડો રૂપિયાના કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.




## રાકેશ રોશને બજેટ મુદ્દે તકલીફોની વાતને અફવા ગણાવી

# ક્રિશ ૪ મુદ્દે રિતિક અને યશરાજ ફિલ્મ્સ વચ્ચે કોઈ તકલીફ નથી

**છેલ્લાં કેટલાંક મહિનાઓમાં એવા અહેવાલો આવતા રહ્યા છે કે રિતિક આ ફિલ્મથી ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરશે**




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

જ્યારથી ક્રિશ ૪ મુદ્દે રિતિક રોશન અને યશરાજ ફિલ્મ્સ ઘર્ષણના અહેવાલો આવ્યા છે, ત્યારથી આ ફિલ્મ અંગે કોઈ પણ અહેવાલ કે માહિતી બહાર ન જાય તે અંગે ઘણું ધ્યાન રાખવામાં આવે છે. એવા અહેવાલો હતા કે ક્રિશ ૪ના વધતા બજેટ મુદ્દે ફિલ્મના ડિરેક્ટર રિતિક રોશન અને યશરાજ ફિલ્મ્સ વચ્ચે કોઈ તકલીફ થઈ છે. ત્યારે હવે રાકેશ રોશને આ અફવાઓ અને અટકળો અંગે મૌન તોડ્યું છે. તેમણે આ અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે આ સુપરહિરો ફિલ્મ તેની ગતિએ જ આગળ વધી રહી છે. છેલ્લાં કેટલાંક મહિનાઓમાં એવા અહેવાલો આવતા રહ્યા છે કે રિતિક આ ફિલ્મથી ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરશે. તે ઈચ્છતો હતો કે આ ફિલ્મ મોટા સ્કેલ પર બને અને તેમાં વર્લ્ડ ક્લાસ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને એક્શન સિક્વન્સ હોય.

એવા અહેવાલ હતા કે રિતિક ઈચ્છતો હતો કે, આ ફિલ્મનું બજેટ ૫૦૦ કરોડ આસપાસ હોય. જ્યારે યશરાજ ફિલ્મ્સની ઈચ્છા એવી હતી કે ફિલ્મનો ખર્ચ ૩૫૦ કરોડથી નજીક જ રહે, જેથી તે આર્થિક રીતે વ્યાજબી રહે. આ ચર્ચાઓ અને અફવાઓ વિશે વાત કરતા રાકેશ રોશને એક ઈન્ટરવ્યુમાં હવે મૌન તોડ્યું છે. તેમણે જણાવ્યું, "રિતિકે ટોચના વીએફએક્સ ગ્રાફિક્સ અને વર્લ્ડ ક્લાસ એક્સન માટે ૫૦૦ કરોડની માગણી કરી છે અને યશરાજ ફિલ્મ્સ ૩૫૦ કરોડના બજેટમાં જ રહેવા માગતા હતા, તે બધી વાતો બકવાસ છે. વિશાળ ઓડિયન્સ માટેની એક સારી ફિલ્મ બનાવવા માટે સમય લાગે છે. મેં પણ મારી દરેક ક્રિશ સિરીઝની ફિલ્મ માટે સમય લીધો જ છે." આ ફિલ્મ જાહેર થઈ તેને લાંબો સમય વિતી ચુક્યો છતાં હજુ સુધી આ ફિલ્મનું શૂટ કેમ શરૂ થઈ શક્યું નથી, તે અંગે વાત કરતા રાકેશ રોશને જણાવ્યું કે, શીડ્યુલિંગના કારણે વધુ સમય લાગી રહ્યો છે, તેની પાછળ કોઈ ક્રિએટિવ કે આર્થિક કારણો નથી.

રિતિકના વ્યસ્ક શીડ્યુલ વિશે વાત કરતા તેમણે કહ્યું, "ક્રિશ એક અલગ ગ્રહ પર છે અને અમે બધાં જ એની તારીખો માટે રાહ જોઈએ છીએ." તેમણે આગળ એમ પણ જણાવ્યું કે, તેમાં પ્રોડ્યુસર્સ કે અમારી વચ્ચે કોઈ જ તકલીફ નથી. તેમણે કહ્યું, "કોઈ જ તકલીફ નથી, બધું જ યોગ્ય રીતે ચાલી રહ્યું છે. આદિ, રિતિક અને હું બધાં જ એક ટીમમાં કામ કરીએ છીએ."

આ વર્ષોમાં ક્રીશ ૪માં કેટલાક મહત્વના ફેરફાર થયા છે. આ પહેલાં ડિરેક્ટર કરણ મલ્હોત્રા અને ફિલ્મ મેકર-પ્રોડ્યુસર સિદ્ધાર્થ આનંદ આ ફિલ્મ સાથે જોડાયેલા હતા. જોકે, ફિલ્મે સમયાંતરે એક નવી દિશા લીધી, હવે આ ફિલ્મ સાથે રિતિક રોશન ડિરેક્ટરની ખુરશી પર બેસી રહ્યો છે. આ ફેન્ચાઈઝીની આવનારી ફિલ્મ રાકેશ રોશનના ફિલ્મક્રાફ્ટ અને આદિત્ય ચોપરાની યશરાજ ફિલ્મ્સ સાથે મળીને બનાવી રહ્યા છે. જોકે, આ ચર્ચા દરમિયાન રાકેશ રોશને આ ફિલ્મને કેટલો સમય લાગશે, તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા કરી નથી, તેમણે એટલું કહ્યું કે, ફિલ્મની સ્ક્રિપ્ટ પુરી થવાની તૈયારી છે અને ટીમ આ વર્ષના અંત સુધીમાં શૂટિંગ શરૂ કરવાની આશા રાખે છે. તેમણે અંતે કહ્યું, "જ્યારે બધું જ તૈયાર થઈ જાય ત્યારે હું તમને આગળની અપડેટ જણાવીશ."

## 'હું જે કામ કરતો આવ્યો છું, તેનાથી થોડો દૂર જવા માગું છું'

# છેલ્લા ૧૦ વર્ષથી મને અભિનય છોડી દેવાનો વિચાર આવે છે : મનોજ બાજપેયી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દી અને અનેક એવોર્ડ વિજેતા ફિલ્મો છતાં, બોલિવૂડ એક્ટર મનોજ બાજપેયીએ સ્વીકાર્યું છે કે તેણે ઘણી વાર અભિનયને સંપૂર્ણપણે અલવિદા કહેવાનો વિચાર કર્યો છે. એક પોડકાસ્ટ દરમિયાન મનોજે જણાવ્યું કે, હવે તે સિનેમાનાં હળવા પાસાને અજમાવવા માંગે છે, જેમાં કોમર્શિયલ મનોરંજક ફિલ્મો અને સ્લેપસ્ટિક કોમેડીનો સમાવેશ થાય છે. આ પ્રકારની ફિલ્મો તેને તે સામાન્ય રીતે જે પ્રકારનાં ભાવનાત્મક અને પડકારજનક પાત્રો માટે જાણીતા છે એવા રોલથી દૂર રહેવાની તક આપશે.

વૃદ્ધાવસ્થા સુધી અભિનય ચાલુ રાખવા અંગે મનોજે કહ્યું, "લગભગ ૧૦ વર્ષથી, વચ્ચે – વચ્ચે મને થયાં કરે છે કે હું એક્ટિંગ છોડી દઉં. પરંતુ પછી ક્યારેક કોઈ રોલ આવી જાય છે અને હું એમાં જતો રહું છું. મારે મજબુરીની જેમ એક્ટિંગ નથી કરવી કે મારે ઘરમાં દાલ-રોટી કમાવાની છે. મારે એવી એક્ટિંગ કરવી છે કે જો કોઈ પાત્ર એવું પાત્ર જે કરવામાં બહુ મજા આવે."

તેમણે આગળ ઉમેર્યું, "આજકાલ મારું બહુ મન થાય છે કે હું કોમર્શિયલ ફિલ્મ કરું, જ્યારે હું અત્યાર સુધી તેનાથી ઘણો દુર રહ્યો છું. હું એકદમ સ્લેપસ્ટિક કોમેડી કરવા માંગુ છું, થોડું નોનસેન્સ કરો, ગીતો પર નાચો. કંઈ ખાસ તૈયારી કરીને ઘરેથી જવાની જરૂર ન હોય. ફક્ત પરિવારને બાય કહીને સેટ પર જાઓ અને મજા કરો, એ વિચાર્યા વગર કે તમે કયું પાત્ર ભજવી રહ્યા છો. હું જે પ્રકારનું કામ અત્યાર સુધી કરતો આવ્યો છું, તેનાથી થોડો દૂર જવા માગું છું."

મનોજ બાજપેયી હવે તેની આગામી ફિલ્મ 'ગવર્નર'માં જોવા મળશે. ભારતના ૧૯૯૦ના આર્થિક સંકટની ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મ ૧૨ જૂને થિએટર્સમાં રિલીઝ થવાની છે.

# 'નો એન્ટ્રી-૨'નું કામ યોગ્ય ગતિએ ચાલી રહ્યું છે અનીસ બાઝમી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

નો એન્ટ્રી ૨ને લઈને છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલી અટકળો વચ્ચે ફિલ્મનાં ડિરેક્ટર અનીસ બાઝમીએ સ્પષ્ટ કર્યું છે કે આ સીક્વલનું કામ ચાલુ જ છે. જોકે ફિલ્મ હજુ પણ શીડ્યુલિંગનાં અને કાસ્ટમાં થતા ફેરફારોના અહેવાલો વચ્ચે આગળ વધી રહી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન અનીસ બાઝમીએ ફિલ્મ વિશે વધુ વિગતો આપવાનું ટાળ્યું, પરંતુ તેના ભવિષ્ય અંગેની તમામ શંકાઓને ફગાવી દીધી છે. જ્યારે ફિલ્મની સીક્વલ બને છે કે નહીં, તે અંગે તેમણે જવાબ આપ્યો, "૧૦૦ ટકા આ ફિલ્મ બની રહી છે."

ફિલ્મના વિલંબ અંગે વાત કરતાં બાઝમીએ કહ્યું કે, આ વિલંબ પાછળ કોઈ મોટું કારણ નથી, પરંતુ સમયનો પ્રશ્ન છે. તેમણે કહ્યું, "હું માનું છું કે કેટલીક ફિલ્મોની કુંડળી હોય છે. કેટલીક ફિલ્મો ઝડપથી બની જાય છે, તો કેટલીક મોડેથી બને છે. પરંતુ, અમારી સૌની કોશિશ છે કે આ ફિલ્મ બને."

સ્ક્રિપ્ટ પ્રત્યેનો વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું, "મેં આ ફિલ્મ ખુબ જ પ્રેમથી લખી છે. આ મારી સૌથી સારી રીતે લખાયેલી ફિલ્મોમાંની એક છે. થોડો સમય લાગી રહ્યો છે, પરંતુ ફિલ્મ ચોક્કસ બની રહી છે." છેલ્લા કેટલાક મહિનાઓથી પ્રોજેક્ટને લઈને અનિશ્ચિતતા હોવા છતાં બાઝમીનું માનવું છે કે, ફિલ્મ સાથે જોડાયેલા દરેક વ્યક્તિનો ઉત્સાહ યથાવત છે. તેમણે કહ્યું, "જે પણ લોકો આ ફિલ્મ સાથે જોડાયેલા છે, બધા ખૂબ ઉત્સાહિત છે અને લોકોને આ ફિલ્મ ખુબ ગમશે."

નો એન્ટ્રી ૨ સતત પોતાની બદલાતી કાસ્ટને કારણે ચર્ચામાં રહી છે. નિર્માતા બોની કપૂરે શરૂઆતમાં વરુણ ધવન, અર્જુન કપૂર અને દિલજીત દોસાંઝની નવી ત્રિપુટી સાથે ફિલ્મની જાહેરાત કરી હતી. પરંતુ બાદમાં શીડ્યુલ બાબતની સમસ્યાઓ અને કાસ્ટિંગમાં ફેરફારોના અહેવાલો સામે આવ્યા હતા. દિલજીત દોસાંઝે અંતે ફિલ્મમાંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો હતો. બોની કપૂરે જણાવ્યું હતું કે, આ નિર્ણય પરસ્પર સહમતીથી લેવામાં આવ્યો હતો અને તેનું મુખ્ય કારણ તારીખોની સમસ્યા હતી. તાજેતરમાં એવા અહેવાલો પણ સામે આવ્યા કે, વરુણ ધવન પણ હવે ફિલ્મનો ભાગ નહીં રહી શકે. જોકે નિર્માતાઓએ જણાવ્યું હતું કે, ચર્ચાઓ હજુ ચાલુ છે. આ અનિશ્ચિતતા વચ્ચે શાહિદ કપૂરનું નામ પણ ફિલ્મ સાથે જોડાયું હતું, પરંતુ આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ૨૦૦૫માં આવેલી 'નો એન્ટ્રી' બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. તેથી 'નો એન્ટ્રી ૨' અંગે દર્શકોમાં ભારે ઉત્સુકતા છે અને અનીસ બાઝમીના તાજેતરના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે ફિલ્મ ભલે મોડી આવે, પરંતુ ચોક્કસ આવશે.

# ધમાલ ૪ વહેલી રિલીઝ થશે, હવે ફિલ્મ ૧૦મી જુલાઈએ રિલીઝ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બે અઠવાડિયા પહેલા એવા અહેવાલો હતા કે હવે આલિયા ભટ્ટ અને શર્વરીની યશરાજની ફિલ્મ આલ્ફા પ્રીપોન્ડ થઈ છે અને આ ફિલ્મ હવે ૧૦ જુલાઈને બદલે ૩ જુલાઈએ રિલીઝ થવાની છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ તારીખ ખાલી પડતાં ધમાલ ૪ની રિલીઝ પણ એક અઠવાડિયું આગળ વધારી દેવામાં આવી છે.




આ અંગે એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "ધમાલ ૪ પહેલાં ૧૭ જુલાઈએ રિલીઝ થવાની હતી. પરંતુ હવે આ ફિલ્મ એક અઠવાડિયું પહેલાં ૧૦ જુલાઈએ રિલીઝ થશે. ૧૦ જુલાઈને બદલે ૩ જુલાઈએ આલ્ફા રિલીઝ થવાની ચર્ચાઓ છે, તેથી ખાલી પડેલી તારીખમાં હવે ધમાલ ૪ને રિલીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. તેમને લાગે છે કે તેમની ફિલ્મ માટે ૧૦ જુલાઈ યોગ્ય તારીખ છે અને ફેન્સ માટે પણ આ કોમેડી ફિલ્મ એક અઠવાડિયું વહેલી જોવા મળશે તો મજાની જ વાત હશે. ટૂંક સમયમાં ઓફિશીયલ અનાઉન્સમેન્ટ થઈ શકે છે."

ઈન્દ્ર કુમારે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરી સહીતની કાસ્ટ છે, એ ઉપરાંત એશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલિ આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન પણ જોવા મળશે.

ધમાલ ફેન્ચાઈઝીનો પહેલો ભાગ ૨૦૦૭માં રિલીઝ થયો હતો અને તેની મસાલેદાર છતાં નવીન કોમેડી, મજબૂત એન્સેમ્બલ કાસ્ટ અને કમર્શીયલ એલિમેન્ટ્સને કારણે આ ફિલ્મને જબરદસ્ત સફળતા મળી હતી. ત્યારબાદ આવેલી ડબલ ધમાલ (૨૦૧૧)એ પણ બોક્સ ઓફિસ પર સારી શરૂઆત કરી હતી, જેના કારણે ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીને આશ્ચર્ય થયું હતું અને અંતે ફિલ્મ હિટ સાબિત થઈ હતી. ટોટલ ધમાલ(૨૦૧૯)એ તો પ્રથમ દિવસે જ લગભગ ૧૬.૫૦ કરોડની જબરદસ્ત કમાણી કરી હતી અને તેના સમગ્ર થિયેટ્રિકલ રનમાં ૧૫૪.૨૩ કરોડની કમાણી કરી લીધી હતી. ધમાલ સિરીઝની ત્રણેય ફિલ્મોને ટેલિવિઝન પર પણ સારો પ્રતિસાદ મળ્યો છે અને આજે પણ દર્શકોમાં તેની યાદગાર છાપ છે. આ કારણે ધમાલ ૪ પાસેથી દર્શકોને ઘણી અપેક્ષાઓ છે.

# વાપી આરાધના સ્કૂલમાં નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

આજરોજ ૮ જૂને આરાધના સ્કૂલમાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત નિમિત્તે વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલના ચેરપર્સન શ્રીમતી ક્રિષ્નાસિંહ રૂપવિજયસિંગ પરમારના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વ હિન્દુ પરિષદના વિભાગનાં વિશેષ સંપર્ક પ્રમુખશ્રી પિયુષભાઈ શાહ ઉપસ્થિત રહ્યા. તેમણે વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષની શુભેચ્છાઓ પાઠવી અને નિયમિત અભ્યાસ, શિસ્ત તથા સંસ્કારનું મહત્વ સમજાવ્યું હતું. સાથે પૂ.ભૂદેવ શ્રી મનિષભાઈ કાંતિલાલ ભોગાયતા મહારાજ સ્કૂલના કેમ્પસ ડાયરેક્ટર શ્રી સુદેશ નાભીયાર, ટીચર્સ એકેડમીના મૃદુલા સક્સેના, મંગલા રાઉત તેમજ સ્કૂલના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યા, ઉનાળાની રજાઓ પૂર્ણ થતાં શાળામાં ફરીથી ચહલપહલ જોવા મળી હતી.

નવા યુનિફોર્મ, પુસ્તકો અને બેગ સાથે વિદ્યાર્થીઓ ઉત્સાહભેર શાળામાં પહોંચ્યા હતા. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓનું તિલક કરીને અને ફૂલ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. નાના બાળકો માટે ખાસ પ્રવૃત્તિઓ તથા પરિચય કાર્યક્રમ યોજાયો હતો. શાળાના મેદાનમાં પ્રાર્થના સભા યોજાઈ હતી, જેમાં નિયમિત અભ્યાસ, શિસ્ત અને સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વાલીઓએ પણ બાળકોને શાળાએ મુકવા આવી ખુશી વ્યક્ત કરી હતી. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું તેમજ આવનારા શૈક્ષણિક કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી. નવા શૈક્ષણિક વર્ષને લઈને વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં નવી આશા, ઉમંગ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

# એક્તા વિકાસ અને સમૃદ્ધિની સફર' થીમ સાથે જલાલપોર તાલુકામાં 'પ્રગતિપથ યાત્રા'નો પ્રારંભ

## રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા તથા જલાલપોરના ધારાસભ્ય આર.સી.પટેલની ઉપસ્થિતિથી 'પ્રગતિપથ યાત્રા'માં ઉમેરાયો ઉત્સાહ








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૯**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃઢ અને દૂરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા 'વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ'ના મંત્ર સાથે સુશાસનના ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઐતિહાસિક અવસરને લોકભાગીદારીના ઉત્સવરૂપે ઉજવવા તથા વિકાસયાત્રાના વિવિધ આયામોને જનજન સુધી પહોંચાડવાના હેતુથી આજે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના સીમળ ગામ સ્થિત વન કવચ ખાતેથી 'પ્રગતિપથ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

રાજ્યસભાના સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયા તથા જલાલપોરના ધારાસભ્યશ્રી આર.સી.પટેલની ઉપસ્થિતિથી 'પ્રગતિપથ યાત્રા'માં વિશેષ ઉત્સાહ અને ઉમંગનો માહોલ સર્જાયો હતો. બંને આગેવાનોએ યાત્રામાં સહભાગી બની સ્થળોની મુલાકાત લઈ સંબંધિત વિભાગોના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. તેમની ઉપસ્થિતિથી પદાધિકારીઓ તેમજ સ્થાનિક નાગરિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો અને ગુજરાતના વિકાસની ગૌરવગાથા તથા જનકલ્યાણના સંદેશને જનજન સુધી પહોંચાડવાના સંકલ્પને વધુ વેગ મળ્યો હતો.

'પ્રગતિ પથ યાત્રાના પ્રથમ તબક્કામાં સીમળ ગામના 'વન કવચ'ની મુલાકાત લઈ પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ અને હરિત આવરણ વધારવા માટે હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ અંગે મહાનુભાવોએ વિગતો મેળવી હતી. વનવિભાગના અધિકારીઓ દ્વારા હરિત ગુજરાતના નિર્માણમાં આવા પ્રયાસાની ભૂમિકા અંગે માર્ગદર્શન અપાયું હતું.

ત્યારબાદ યાત્રા એરુ ગામ ખાતે આવેલી નવસારી કૃષિ યુનિવર્સિટીના બાંબુ રિસર્ચ સેન્ટર ખાતે પહોંચી હતી. અહીં બાંબુના વૈજ્ઞાનિક સંશોધન, તેની વિવિધ જાતો, કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્રે તેના ઉપયોગ તેમજ ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે હાથ ધરવામાં આવતી સંશોધનાત્મક પ્રવૃત્તિઓ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

યાત્રા દરમિયાન મટવાડ ગામ ખાતે આવેલા શહિદ સ્મારકની મુલાકાત લઈ દેશની આઝાદી અને રાષ્ટ્રસુરક્ષા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિના મૂલ્યાને નવી પેઢી સુધી પહોંચાડવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

યાત્રા દાંડી ખાતે આવેલા ઐતિહાસિક રાષ્ટ્રીય સત્યાગ્રહ સ્મારક ખાતે પહોંચીને મહાત્મા ગાંધીજીના દાંડીકૂચના ઐતિહાસિક પ્રસંગ અને સ્વાતંત્ર્ય સંગ્રામના ગૌરવશાળી ઇતિહાસ અંગે અધિકારીઓ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાતે સ્વાતંત્ર્ય ચળવળના મૂલ્યો અને રાષ્ટ્ર નિર્માણમાં ગાંધી વિચારધારાના મહત્વને ઉજાગર કર્યુ હતું.

યાત્રાના અંતિમ તબક્કામાં આટગામ ખાતે નિર્માણાધીન આધુનિક મેડિકલ કોલેજની મુલાકાત લેવામાં આવી હતી. આ આરોગ્ય સંસ્થાની સુવિધાઓ, આધુનિક માળખાકીય વ્યવસ્થા અને ભવિષ્યમાં દક્ષિણ ગુજરાતના આરોગ્ય ક્ષેત્રને મળનારી નવી દિશા અંગે સંબંધિત અધિકારીઓ દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

યાત્રા દરમિયાન દરેક સ્થળે સંબંધિત વિભાગોના અધિકારીઓ દ્વારા વિશેષ સમજણ સત્રો યોજી વિકાસલક્ષી કાર્યો, યોજનાઓ અને તેના સામાજિક પ્રભાવ અંગે માહિતીસભર રજૂઆતો કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ વિકાસ અને જનકલ્યાણની દિશામાં થયેલી સિદ્ધિઓને વધુ મજબૂત બનાવવા સૌના સહયોગની આવશ્યકતા વ્યક્ત કરી હતી.

'પ્રગતિપથ યાત્રા' માત્ર સ્થળ મુલાકાત પૂરતી સીમિત ન રહી, પરંતુ 'વિકસિત ભારત-વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક સક્રિય જનજાગૃતિ અભિયાન તરીકે ઉપસી આવી હતી. ગુજરાતના વિકાસની ગૌરવગાથા અને ગામે ગામ પ્રગતિનો સંદેશ પહોંચાડતી આ યાત્રાએ વિકાસ, એક્તા, રાષ્ટ્રગૌરવ અને જનભાગીદારીના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ યાત્રામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી, નાયબ કલેક્ટરશ્રી શિવરાજ ખુમાણ, મામલતદારશ્રી મૃણાલ ઈસરાણી, જલાલપોર તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા તથા તાલુકા પંચયાતના સભ્યો, સ્થાનિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉત્સાહભેર જોડાયા હતા.

### રાજ્યસભા ચૂંટણીમાં કોંગ્રેસને ઝટકો

# મધ્ય પ્રદેશમાં મીનાક્ષી નટરાજનનું નામાંકન રદ્દ, ભાજપના ત્રણેય ઉમેદવારો થશે બિનહરીફ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ભોપાલ,તા.૦૯**

મધ્ય પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ પક્ષને બહુ મોટો રાજકીય ફટકો લાગ્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા નોંધાવવામાં આવેલા સત્તાવાર વાંધા બાદ ચૂંટણી અધિકારીએ કોંગ્રેસના ઉમેદવાર મીનાક્ષી નટરાજનનું નામાંકન પત્ર (ચૂંટણી ફોર્મ) રદ કરી દીધું છે. આ ઘટનાક્રમ બાદ હવે રાજ્યની ત્રણેય રાજ્યસભા બેઠકો પર ભાજપની દાવેદારી મજબૂત થઈ ગઈ છે, અને તેના ત્રણેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવે તેવી પૂરેપૂરી સંભાવના છે.

મળતી માહિતી મુજબ, મીનાક્ષી નટરાજન દ્વારા ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ ભાજપે તેમની સામે ગંભીર વાંધો ઉઠાવ્યો હતો. ભાજપના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે, નટરાજને તેલંગાણામાં પોતાની વિરુદ્ધ નોંધાયેલા એક ગુનાહિત કેસની માહિતી સોગંદનામામાં જાણી જોઈને છુપાવી હતી. આ ઉપરાંત, સોગંદનામામાં તેમની મિલકતો અને બેંક બેલેન્સની વિગતો પણ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી નહોતી. ચૂંટણી નિયમો અનુસાર, દરેક ઉમેદવારે પોતાના ગુનાહિત કેસ, મિલકત, આવક અને લોનની તમામ વિગતો સંપૂર્ણ પારદર્શિતા સાથે જાહેર કરવી ફરજિયાત હોય છે.

કોંગ્રેસ ઉમેદવારનું ફોર્મ રદ થવા અંગે ભાજપના વરિષ્ઠ નેતા રાકેશ સિંહે જણાવ્યું કે, 'તેમણે જાણી જોઈને હકીકતો છુપાવી હતી. ફોર્મ અધૂરું હતું, અને તેમાં ખોટી માહિતી આપવામાં આવી હતી. આ તમામ મુદ્દાઓ પર તેમને (મીનાક્ષી નટરાજનને) પોતાનો પક્ષ રજૂ કરવાની પૂરી તક આપવામાં આવી હતી, અને બંને પક્ષોએ પોતપોતાની દલીલો રજૂ કરી હતી. પરંતુ, તેમના નામાંકન ફોર્મમાં ગંભીર ખામીઓ હોવાના કારણે અને તેલંગાણાના કેસની વિગતો છુપાવવાના કારણે રિટર્નિંગ ઓફિસરે તેમનું ફોર્મ ફગાવી દીધું છે. આથી, અમે કહી શકીએ કે આજે સત્ય અને ઈમાનદારીની જીત થઈ છે.'

તેવી જ રીતે, રાજ્ય સરકારના મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું કે, 'આ ન્યાયની જીત છે. અમારા કાર્યકર્તા મહેશ કેવટને આશીર્વાદ મળ્યા છે. ભાજપ લોકશાહીમાં વિશ્વાસ રાખે છે. જો ચૂંટણી ન થઈ હોત તો પણ અમારા ઉમેદવાર રાજ્યસભાના સભ્ય બનવાના જ હતા, અને જો ચૂંટણી થાત તો પણ તેઓ જીતવાના જ હતા. પરંતુ કોંગ્રેસની આંતરિક સ્થિતિ કેવી છે, તે તમે સમજી શકો છો. અમને તેલંગાણાના જે દસ્તાવેજો મળ્યા તે કોણે આપ્યા? તેલંગાણામાં તો કોંગ્રેસની જ સરકાર છે. નક્કી અમને કોંગ્રેસના જ લોકોએ આ માહિતી આપી હશે, આજે કોંગ્રેસની આવી દયનીય સ્થિતિ છે'

બીજી તરફ, નામાંકન રદ થવા અંગે નારાજગી વ્યક્ત કરતા મધ્ય પ્રદેશના કોંગ્રેસ નેતા મયંક રામ નારાયણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

તેમણે લખ્યું કે, 'ભાજપનું 'નારી શક્તિ વંદન અભિનંદન' હવે દેશની સામે આવી ગયું છે. સંખ્યાબળના જોરે નહીં પરંતુ સત્તાના બળ પર રાજનીતિ કરનારી ભાજપ હવે રાજ્યસભા ચૂંટણીમાં પણ લોકશાહીને પ્રભાવિત કરવા પર ઉતરી આવી છે.

જ્યારે કોંગ્રેસના તમામ ધારાસભ્યો એકજૂથ દેખાયા, ત્યારે મીનાક્ષી નટરાજનજીના નામાંકન પર ખોટા વાંધા ઉઠાવીને ભાજપ પોતાની હારનો ડર છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.'

# ભૂતિયા ડિમોલિશન મામલે સુરત મનપા સામે રોષ ફાટી નીકળ્યો

## તપાસ બાદ કસુરવાર અધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે, યોગ્ય લાગશે તો ફરિયાદ પણ કરવામાં આવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૦૯**

સુરતમાં નાસિરનગર ખાતે થયેલા ભૂતિયા ડિમોલિશન મામલે મનપા સામે રોષ ફાટી નીકળ્યો છે. સ્થાનિકોએ મનપાની કચેરી બહાર ધરણાં કર્યા હતાં અને વિરોધ નોંધાવ્યો હતો. અધિકારી સામે કાર્યવાહીની માગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. લોકોના વિરોધને પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આ ઘટનાને લઈને સુરત મનપાના ડેપ્યુટી મેયરે કહ્યું હતું કે, તપાસ બાદ કસૂરવાર અધિકારી સામે પગલાં લેવાશે.

સુરતમાં ભૂતિયા ડિમોલિશન મુદ્દે ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરીએ કહ્યું હતું કે, આ ઘટનાને લઈને ઔપચારિક બેઠક કરવામાં આવી છે. જેમાં પીડિતોને યોગ્ય ન્યાય મળે તેની ચર્ચા કરાઈ છે.

આ મિટિંગમાં યોગ્ય તપાસ માટે નિર્ણય કરવામાં આવ્યો છે. તપાસ બાદ કસુરવાર અધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરવામાંઆવશે. યોગ્ય લાગશે તો ફરિયાદ પણ કરવામાં આવશે.

સુરતના કતારગામ વેડ દરવાજા નજીક આવેલા નાસીરનગર વિસ્તારમાં કોઈપણ પ્રકારની પૂર્વ લેખિત નોટિસ આપ્યા વિના જ એકાએક ૧૦૦થી વધુ મકાનો પર બુલડોઝર ફેરવી દેવાનો વિવાદ હવે અત્યંત ગંભીર વળાંક લઈ ચૂક્યો છે. આ આખી ઘટના કોઈ સરકારી ઓર્ડર વિના જ 'મિસ્ટર ઈન્ડિયા' સ્ટાઈલમાં થઈ હોવાથી તેને 'ઘોસ્ટ ડિમોલિશન' તરીકે જોવામાં આવી રહ્યું છે. આ સમગ્ર વિવાદના તાર હવે છેક સચિવાલય ગાંધીનગર સુધી જોડાતા રાજ્ય સરકાર પણ એક્શન મોડમાં આવી છે અને ગુપ્ત રાહે તપાસના આદેશો છૂટ્યા છે.


**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ
**વિઘ્નેશ વિજયાકુમાર**
હતું. જે નામ બદલીને
નવું નામ **વિઘ્નેશ વિ**
રાખેલ છે.
જેની સર્વેએ નોંધ લેવી.
**લિ. વિઘ્નેશ વિ**
**સરનામું :** ઘર નં. ૧૩૦૩/
૧૩, ૧૦-નોબેલ એન્ક્લેવ
સામે, નવોદય વિદ્યાલય,
દુણેઠા, નાની દમણ,
દમણ-૩૯૬૨૧૦
(યુટી ઓફ ડીએનએચ
અને ડીએનડી)


# 'પ્રગતિપથ યાત્રા' પદાધિકારીઓ માટે વિકાસકાર્યોના અભ્યાસ અને અનુભૂતિનું સફળ માધ્યમ: જિ.પં. સભ્ય અમિતાબેન પટેલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૯**



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના 'વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ'ના ૧૨વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'પ્રગતિપથ યાત્રા' અંગે નવસારી જિલ્લા પંચાયત સભ્ય શ્રી અમિતાબેન પટેલે પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ યાત્રા માત્ર વિવિધ સ્થળોની મુલાકાત પૂરતી મર્યાદિત નથી, પરંતુ ગુજરાતના સર્વાંગી વિકાસ, રાષ્ટ્રગૌરવ અને જનકલ્યાણની ભાવનાને લોકો સુધી પહોંચાડવાનો એક સશક્ત પ્રયાસ છે.

તેમણે જણાવ્યું હતું કે, સીમળ ગામ ખાતે આવેલું વન કવચ પર્યાવરણ સંરક્ષણ અને હરિત વિકાસ માટે પ્રેરણારૂપ છે, જ્યારે એરૂ ગામ સ્થિત નવસારી કૃષિ યુનિવર્સિટીનું બાંબુ રિસર્ચ સેન્ટર કૃષિ ક્ષેત્રે સંશોધન અને નવીનતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડે છે. મટવાડ ગામનું શહીદ સ્મારક દેશપ્રેમ અને બલિદાનની ભાવનાને જીવંત રાખે છે, જ્યારે દાંડી ખાતે આવેલ રાષ્ટ્રીય સત્યાગ્રહ સ્મારક આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના ગૌરવશાળી ઈતિહાસ સાથે નવી પેઢીને જોડે છે.

અમિતાબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આટગામ ખાતે નિર્માણાધીન મેડિકલ કોલેજ ભવિષ્યમાં દક્ષિણ ગુજરાતના આરોગ્ય ક્ષેત્રને નવી દિશા આપશે અને સામાન્ય નાગરિકોને આધુનિક આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યુ હતું કે, 'એક્તાવિકાસ અને સમૃદ્ધિની સફર' થીમ સાથે આયોજિત આ પ્રગતિપથ યાત્રા દ્વારા ગુજરાતના વિકાસની ગૌરવગાથા ગામે ગામ પહોંચાડવાનો અને જનભાગીદારી દ્વારા વિકસિત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રકારના આયોજનથી લોકોમાં વિકાસ કાર્યો પ્રત્યે જાગૃતિ વધશે અને રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બનવાની ભાવના વધુ દૃઢ બનશે.

# સુરતમાં ઘોડાને ગાજર ખવડાવતા NRI માલિકના હાથનો અંગૂઠો ચાવી લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૦૯**

સુરત જિલ્લાના માંગરોળ ગામે એક અનોખી અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. યુકેમાં વસવાટ કરતા એક એનઆરઆઈ ઘોડાપ્રેમીને પોતાના ઘોડાને ગાજર ખવડાવતી વખતે ગંભીર ઈજા પહોંચી હતી. ઘોડાએ ગાજર સાથે તેમના જમણા હાથના અંગૂઠાનો ભાગ ચાવી લેતા તાત્કાલિક સારવાર માટે સુરત ખસેડવામાં આવ્યા હતા. બાદમાં ચાર કલાકની જટિલ સર્જરી કરીને ડોક્ટરોએ અંગૂઠો ફરીથી હાથ સાથે સફળતાપૂર્વક જોડી આપ્યો હતો.

મળતી માહિતી મુજબ, યુકેમાં રહેતા અને મૂળ માંગરોળ ગામના રહેવાસી સલીમભાઈને ઘોડા પ્રત્યે વિશેષ લગાવ છે. તેમના ફાર્મ હાઉસ પર ચાર જેટલા ઘોડા રાખવામાં આવ્યા છે અને તેઓ સમયાંતરે યુકેથી ખાસ ઘોડાઓની સંભાળ લેવા માટે ભારત આવતા રહે છે. તાજેતરમાં સલીમભાઈએ અંદાજે રૂ.૧૨ લાખના ખર્ચે એક નવો ઘોડો ખરીદ્યો હતો. ઘોડાની દેખરેખ અને તાલીમ માટે તેઓ થોડા દિવસ પહેલાં જ યુકેથી માંગરોળ આવ્યા હતા. બે દિવસ અગાઉ બપોરના સમયે તેઓ પોતાના ફાર્મ પર ઘોડાને ગાજર ખવડાવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ઘોડાએ ગાજર સાથે તેમના જમણા હાથના અંગૂઠાનો અડધો ભાગ ચાવી લીધો હતો.ઘટના બાદ પરિવારજનો સલીમભાઈને તાત્કાલિક સારવાર માટે સુરત લઈ આવ્યા હતા. જોકે અંગૂઠાનો કાપાયેલો ભાગ ઘોડાના મોઢામાં જ રહ્યો હતો. પરિવારજનો અને ફાર્મના કર્મચારીઓએ લગભગ એક કલાક સુધી પ્રયત્નો કર્યા બાદ ઘોડાના મોઢામાંથી અંગૂઠાનો ભાગ બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. અંગૂઠાનો કાપાયેલો ભાગ બહાર મળતા જ તેને તાત્કાલિક બરફમાં સુરક્ષિત રાખીને સુરતની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યો હતો. અડાજણ વિસ્તારમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં નિષ્ણાત સર્જનોએ તાત્કાલિક ઓપરેશન હાથ ધર્યુ હતું.

ડોક્ટરો દ્વારા લગભગ ચાર કલાક સુધી ચાલેલી માઈક્રો સર્જરી બાદ અંગૂઠાનો ભાગ ફરીથી હાથ સાથે જોડવામાં આવ્યો હતો. સર્જરી સફળ રહી હોવાનું હોસ્પિટલ સૂત્રોએ જણાવ્યું છે અને દર્દીની સ્થિતિ હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. પરિવારના જણાવ્યા અનુસાર, સલીમભાઈ ઘોડાઓ પ્રત્યેનો પોતાનો પ્રેમ અને લગાવ યથાવત રાખશે. તેઓ સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ ફરી પોતાના ઘોડાઓની સંભાળ જાતે જ લેશે તેવી ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે.

# ગુજરાત સરકારે નર્મદાની નહેરોમાં વહેલું પાણી છોડવાનો લીધો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૦૯**

ગુજરાત સરકારે રાજ્યના ખેડૂતોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે, આગામી ગુરૂવાર, ૧૧ જૂન ૨૦૨૬થી નર્મદાની નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવશે. સામાન્ય આયોજન કરતાં વહેલા પાણી છોડવાના આ નિર્ણયને કારણે ખરીફ પાકની તૈયારી કરી રહેલા ખેડૂતોને મોટી રાહત મળશે. નર્મદા કમાન્ડ વિસ્તારના સ્થાનિક ધારાસભ્યો અને સાંસદો દ્વારા ખેડૂતોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વહેલું પાણી છોડવા માટે રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને પગલે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને નર્મદા યોજનાના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકની આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં યોજનામાં ઉપલબ્ધ પાણીના જથ્થાની ઝીણવટભરી સમીક્ષા કર્યા બાદ આ સકારાત્મક નિર્ણય લેવાયો હતો. સરકાર દ્વારા યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં નહેરો દ્વારા પાણીના આયોજનબદ્ધ વિતરણ અંગે જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા.


**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

મોટી દમણ ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે સ્વિમિંગ પૂલ, ફિલ્ટરેશન અને સૌના બાથ સ્ટીમ રૂમનું બાકીનું કામ, છતનું કામ, બેડમિન્ટન અને સ્કવોશ કોર્ટ ફલોર, છૂટક ફર્નિચર સાથે આંતરિક ફર્નિશિંગનું કામ.

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4809_1

| | |
|---|---|
| પ્રીબીડ મીટિંગ તારીખ | : 08/06/2026 |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 16/06/2026 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 16/06/2026 |
| બિડ ખોલવાની તારીખ | : 16/06/2026 |

For details please scan https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

No. IP/DMN/2/5/2026-27/228, Dated: 09/06/2026


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી ડુંગરી ફળિયા રોડ ઉપર મનપા સીટીબસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત: બાઈક સવાર બે શ્રમિકોના મોત

## ફરજ પુરી કરી ઘર તરફ જઈ રહેલા નાનાપોંઢાના બે યુવાનોને મોત ભરખી ગયું: અકસ્માતથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાયો







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૯**

વાપી ડુંગરી ફળીયા મોટાપોંઢા રોડ ઉપર આજે મંગળવારે સાંજના ૫:૩૦ વાગ્યાના સુમારે દર્દનાક અકસ્માત સર્જાયો હતો. નાનાપોંઢાના બે શ્રમિકોની બાઈકને મનપાની સીટી બસે ટક્કર મારી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સર્જાયેલા આ કરૂણ અકસ્માતમાં નાનાપોંઢાના બે શ્રમિકોનું ઘટના સ્થળે જ દર્દનાક મોત નિપજ્યું હતું. અકસ્માતની કારમી હૃદયને હચમચાવી મુકે તેવી ઘટના બાદ સ્થાનિક વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો.

ધરમપુર રોડ નાનાપોંઢા-મોટાપોંઢા જેવા અનેક ગામોમાંથી અસંખ્ય લોકો રોજગાર નોકરી ધંધા માટે નિયમિત વાપી આવતા રહે છે. તેવા નાનાપોંઢાના બે શ્રમિકો દિવસભરનું કામકાજ પતાવી તેમની મોટર સાયકલ નં. જીજે-૧૫ એએલ ૭૭૮૯ ઉપર સવાર થઈને ઘરે જવા સાંજના સુમારે નિકળ્યા હતા. ડુંગરી ફળીયા રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન મનપાની સીટી બસે બાઈકને ધડાકાભેર ટક્કર મારી દીધી હતી. તેથી ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બસની ટક્કર બન્ને યુવાનો રોડ ઉપર પટકાયા હતા. જેમાં બન્નેના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. યુવાનોની જીંદગીની આખરી સફર બની ગઈ હતી. અકસ્માતની જાણ બાદ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. બન્ને મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે એમ્બ્યુલન્સમાં રવાના કરી મૃતકોની ઓળખ કરવાની કામગીરી હાથ ધરી હતી.

# ઉમરગામના કથિત ધર્માંતરણ-લવ જેહાદ મામલે જૈન-હિન્દુ સમાજે એસપીને આવેદનપત્ર પાઠવ્યું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

ઉમરગામ વિસ્તારમાં કથિત ધર્માંતરણની પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરતાં જૈન સમાજ અને હિન્દુ સમાજના પ્રતિનિધિઓએ ડીએસપી યુવરાજસિંહ જાડેજાને આવેદનપત્ર પાઠવી સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ વિસ્તારમાં કેટલાક તત્ત્વો દ્વારા ધર્માંતરણને પ્રોત્સાહન આપવામાં આવ્યું હોવાની ફરિયાદો સામે આવી રહી છે, જેના કારણે સ્થાનિક નાગરિકોમાં ચિંતા અને અસંતોષની લાગણી વ્યાપી છે. આ મુદ્દે સમાજના પ્રતિનિધિઓએ સંબંધિત તંત્રનું ધ્યાન દોરી જરૂરી પગલાં ભરવા રજૂઆત કરી હતી. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, જો કોઈ વ્યક્તિ કે સંગઠન દ્વારા કાયદા વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય તો તેની સઘન તપાસ કરવામાં આવે અને દોષિતો સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે.

સાથે જ સમાજમાં શાંતિ, સૌહાર્દ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહેતે માટે અસરકારક પગલાં ભરવાની પણ માંગ કરવામાં આવી હતી. ડીએસપી યુવરાજસિંહ જાડેજાએ રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી કાયદાની જોગવાઈઓ અનુસાર યોગ્ય તપાસ અને જરૂરી કાર્યવાહી અંગે વિશ્વાસ અપાવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રસંગે જૈન સમાજ, હિન્દુ સમાજના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડમાં નરાધમે ૭ વર્ષની બાળકીને ફ્લેટમાં બોલાવી ખરાબ વીડિયો બતાવી કુકર્મ કરવાનો પ્રયાસ કર્યો



### પોલીસે આરોપી અજીત ગાયકવાડની પોસ્કો એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વલસાડ શહેરમાં માનવતાને કલંકિત કરતી ચોંકાવનારી ઘટના ઘટી હતી. હવશખોર શખ્શે સાત વર્ષની માસુમ બાળકીની નિર્દોષતાનો નિશાક કર્યો હતો. બાળકીને ખરાબ વિડીયો બતાવીને કુકર્મ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાને લઈ તમામ વિસ્તારમાં ચોમેર લોકોએ ફીટકાર વરસાવ્યો હતો.

આ ચોંકાવનારી ઘટના સમાજ માટે પણ લાલબત્તી સમાન છે. ફલેટમાં રહેતા અજીત ગાયકવાડ નામના નરાધમે પડોશમાં રહેતી ૭ વર્ષની બાળકીને ફોસલાવી ફલેટમાં બોલાવી હતી. ત્યારબાદ બિભત્સ વિડીયો બતાવીને બાળકી સાથે કૂકર્મ કરવાનો અજીતે પ્રયાસ કર્યો હતો. ગભરાયેલી બાળકી ભાગીને માતા પાસે પહોંચીને બધી હકિકતો જણાવી દીધી હતી તે પહેલાં બાળકીની માતા સમયસર ફલેટમાં પહોંચી ગઈ હતી. રડતી દિકરીએ આપવિતી સંભળાવી હતી. સોસાયટીના રહીશો પણ સ્તબ્ધ રહી ગયા હતા. ઘટના બાદ પોલીસ આવી પહોંચી હતી. આરોપી અઝીત ગાયકવાડની પોસ્કો એક્ટ હેઠળ ધરપકડ કરી લીધી હતી.

# સરીગામમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગનું મેગા રેડ ઓપરેશન: સાવરીયા ડેરીમાંથી પનીર, ઘીના જથ્થાના નમૂના લેવાયા

## શંકાસ્પદ જણાતા પનીર, ઘીના નમૂના સીલ કરવામાં આવતા અન્ય વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો









**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

ઉમરગામ સરીગામમાં આજે મંગળવારે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ ફૂલ એક્શનમાં આવી મેગા રેડ ઓપરેશન હાથ ધર્યુ હતું. ફૂડ વિભાગની કાર્યવાહી બાદ સ્થાનિક વિસ્તારમાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

વલસાડ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓએ આજે સરીગામ સ્થિત કાર્યરત સાવરીયા ડેરીમાં રેડ કરી હતી. ડેરીમાં રહેલા ઘી અને પનીરના જથ્થામાંથી સેમ્પલ લઈ એફ.એસ.એલ. ચકાસણી માટે સીલ કર્યા હતા. ઘી, પનીરની સાચી ગુણવત્તા તો લેબનો રિપોર્ટ આવ્યા પછી જાણ થશે.હાલતો શંકાસ્પદ લાગતા નમુના લેવામાં આવ્યા હતા. ફૂડ એન્ડ ડ્રગ વિભાગની આકસ્મિક કાર્યવાહીને લઈ અન્ય ખાદ્ય પદાર્થ વેચતા વેપારીઓમાં ભયનું મોજુ ફેલાઈ જવા પામ્યું હતું.

# વલસાડ તાલુકામાં ૪૦ ગામોના ઘન કચરા વ્યવસ્થાપન માટે સ્વચ્છ ભારત મિશન અને અતુલ ફાઉન્ડેશન વચ્ચે એમઓયુ કરાયા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ નેજા હેઠળ વલસાડમાં જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ વલસાડ તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અને અતુલ ફાઉન્ડેશન (CSR) ના સહયોગથી યોજાયેલી બેઠકમાં તાલુકાની ૩૯ ગ્રામ પંચાયતોના ૪૦ ગામોમાં ઘન કચરાના અસરકારક અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન માટે અતુલ ફાઉન્ડેશન સાથે ત્રિપક્ષીય સમજૂતી કરાર (MOU) કરવામાં આવ્યા હતા.

ગામોમાં સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી થયેલા આ કરાર અંતર્ગત ઘર, દુકાનો, સંસ્થાઓ અને જાહેર સ્થળોએથી ઉત્પન્ન થતા ભીના અને સૂકા કચરાનું ઉદ્ભવ સ્થાને જ વિભાજન કરવામાં આવશે. ત્યારબાદ આ કચરાનો દૈનિક ધોરણે નિયમિત સંગ્રહ, સુરક્ષિત પરિવહન, પ્રોસેસિંગ અને નિયમો અનુસાર તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવશે.

બેઠક દરમિયાન જિલ્લા ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર અને SWM કન્સલ્ટન્ટશ્રી દ્વારા ‘Solid Waste Management (SWM) Rules 2026’ અને આ કરારના અમલીકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય જીગ્નાબેન પટેલ, તાલુકા પંચાયત સભ્ય ધર્મેશભાઈ પટેલ, વલસાડના TDO, ATDO, અતુલ ફાઉન્ડેશનની ટીમ, SBM-G સ્ટાફ, તેમજ વિવિધ ગામોના તલાટીઓ અને સરપંચો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટને સફળ બનાવવા માટે સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

# વાપી મનપાના મિલ્કતધારકોએ જૂનમાં રીબેટનો લાભ લેવા એક સપ્તાહમાં રૂા. ૪.૦૪ કરોડનો વેરો ભર્યો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વાપી મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે ૧૧ ગામ સહિત તમામ મિલકત ધારકોના વેરામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને ગત વર્ષ કરતા ઓનલાઈન વેરો ભરવામાં ૧ ટકા વળતર વધુ હોવાથી પ્રથમ દિવસે રૂા.૮૭.૬૬ લાખનો વેરો જમા થયો હતો. વાપી મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે જૂન માસમાં પ્રોપર્ટી ટેક્ષમાં ૫ ટકા રિબેટ અને વેબસાઈટથી ઓનલાઈન ભરવાથી વધુ ૧ ટકા મળી શિક્ષણ ઉપકર સિવાયની રકમ પર કુલ ૬ ટકા રિબેટની યોજના અમલમાં હોવાથી એક સપ્તાહમાં ૯૯૪૪ મિલકત ધારકોએ રૂા.૪.૦૪ કરોડનો વેરો જમા કરાવી રૂા.૧૯.૫૯ લાખનું રિબેટ મેળવ્યું હતું.

પ્રથમ સપ્તાહમાં ૪૮ ટકા મિલકત ધારકોએ વેબસાઈટથી ઓનલાઈન વેરો ભર્યો હતો. જુલાઈ માસથી માત્ર વેબસાઈટથી ઓનલાઈન વેરો ભરનારને ૧ ટકા રિબેટ આપવામાં આવશે. જૂન માસમાં વેબસાઈટથી ઘર બેઠા ઓનલાઈન વેરો ભરવાથી કુલ ૬ ટકા સુધીનો લાભ મળતો હોવાથી લાભ લેવા ઘરવેરા વિભાગની યાદીમાં જણાવાયું છે.

# “વિકસિત ભારત સંકલ્પ” અંતર્ગત વલસાડ જિલ્લામાં ચિત્ર સ્પર્ધા અને ત્રિ-દિવસીય ચિત્ર પ્રદર્શન યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે ચાલુ વર્ષે વલસાડ જિલ્લામાં “વિકસિત ભારત સંકલ્પ” અંતર્ગત ચિત્ર સ્પર્ધા અને ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે.

આ ચિત્ર સ્પર્ધા આગામી તારીખ ૧૦-૦૬-૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પારડી ખાતે આવેલી એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં યોજાશે. આ સ્પર્ધા માટે સ્પર્ધકોને વિવિધ વિષયો આપવામાં આવ્યા છે, જેમાં “વિકસિત ભારત ૨૦૪૭ - મારા સપનાઓનું ભારત”, “ભારતના વિકાસની ૧૨ વર્ષની યાત્રા”, “સ્વપ્ન થી સમૃદ્ધિ સુધી”, “ડિજિટલ ભારત-નવા યુગનું ભારત”, “સ્વચ્છ અને હરિત ભારત” તથા “આત્મનિર્ભર ભારત-સશક્ત ભારત” જેવા વિષયોનો સમાવેશ થાય છે. સ્પર્ધામાં સૌથી સારા ચિત્ર દોરનાર ચિત્રકારોના ચિત્રોને ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા યોજાનાર વિશેષ ચિત્ર પ્રદર્શનમાં મુકવામાં આવશે.

આ ઉપરાંત, ચિત્ર પ્રદર્શનનું આયોજન તારીખ ૧૨-૦૬-૨૦૨૬ થી ૧૪-૦૬-૨૦૨૬ દરમિયાન ધરમપુર ખાતે આવેલા જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં કરવામાં આવ્યું છે.

# વાપી ગીરનાર ખુશ્બુ પ્લાઝાના મિલકતધારકોને ચાર વર્ષ ગાંધીનગર સુધીની લડત બાદ અંતે ન્યાય મળ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વાપી જી.આઈ.ડી.સી.માં આવેલ ગીરનાર ખુશ્બુ પ્લાઝા નામના કોમ્પલેક્ષનો વિવાદ ચાલતચો હતો. ચાર ચાર વર્ષથી સેંકડો મિલકત ધારકોને જી.આઈ.ડી.સી. તરફથી પઝેશન મળતું નહોતું અને ગાંધીનગર સુધી ચાલેલી લડત બાદ અંતે તમામ મિલકત ધારકોને પઝેશન મળતા આનંદની લાગણી ફેલાઈ હતી.

વાપી જી.આઈ.ડી.સી.માં આવેલ પૂર્વ ગીરનાર પેકેજીંગ નામની કંપનીનો પ્લોટ વેચાણ થયા બાદ અહી આધુનિક કોમ્પલેક્ષનું નિર્માણ ગીરનાર ખુશ્બુ પ્લાઝાના નામથી થયું હતું. મોકાની જગ્યા હોવાથી તમામ શોપ ચપોચપ વેચાણ થઈ ગઈ હતી. પરંતુ પછી ડખો પડ્યો, જી.આઈ.ડી.સી.એ પઝેશન આપવા અખાડા શરૂ કરેલા. તેથી વેપારી મંડળના અગ્રણી ડો.નિમેશ પટેલ અને ટીમે સન ૨૦૨૨ થી લડત શરૂ કરી હતી. ૨૦૨૨માં પ્રથમ એપ્લિકેશન જીઆઈડીસીને કરાઈ હતી તે રદ્ થતા ૨૩માં કરાયેલ ૨૦૨૫માં જીઆઈડીસીએ નકારી દીધેલ અને જણાવેલ જીઆઈડીસી પોલીસી સાથે સુસંગત નથી. ત્યારબાદ મામલો ગાંધીનગર મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમ સુધી પહોંચ્યો હતો. જેમાં ન્યાય મળ્યો હતો. ઓરીજન ટ્રાન્સફર ઓર્ડર અપાયો, તે પણ અખાડા તો થયેલા. રૂા.૨.૮૦ કરોડ ગૃપ પેનલ્ટી લગાવાઈ હતી. તેમાં પણ સુપર બિલ્ડઅપની ક્ષતિઓ હતી. અંતે લેટ વ્યાજ સાથે મિલકત ધારકોએ રૂા.૧.૯૯ કરોડભરપાઈ કરવા પડ્યા હતા. જે સુપર બિલ્ડઅપ ગણતરી વિરૂધ્ધના હતા. કોઈ વિકલ્પ નહી હોવાથી જીઆઈડીસીનો આદેશ સ્વિકારીને ફાઈનલ ટ્રાન્સફર ઓર્ડર સ્વિકારવો પડ્યો હતો તે સ્વિકારવા ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.